શ્રીહરિ:

"વિદ્યાનિધિ"- ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત આ લેખકના અન્ય ગ્રંથો :

૧. શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ– (ભા.૧-૨) ચતુર્થાવૃત્તિ
૨. પુષ્ટિપુલિન
૩. ગીતાગુંજન (હિન્દી)
૪. શ્રીમદ્-ભાગવતમાં વિજ્ઞાનવિહાર
૫. સુલભ શાન્તિ (હિન્દી)
૬. સુલભ શાન્તિ (ગુજરાતી)
૭. જીવનમંગલ
૮. પત્ર પરિમલ
૯. વ્રજવિહાર
૧૦. કરાલકલિકાલમાં કલ્યાણ
૧૧. ત્રિવિધનામાવલી
૧૨. શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્ર
૧૩. કુર્યાત્સદા મંગલમ્
૧૪. વિજ્ઞપ્તિ (હિન્દી)
૧૫. સુમંગલ-નવનીત-સંચય
૧૬. દુઃખ-દયાનું દાન
૧૭. શ્રીમદ્-ભાગવતમહાપુરાણમ્(સાત્વતસંહિતા)(સંસ્કૃત)

શ્રીહરિ:

"ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम् ।"

શ્રીમદ્-ભાગવત

– પ્રથમ નજરે –

: લેખક :

ભાગવતરત્ન, ભગવચ્છાસ્ત્રનિષ્ણાત, ભાગવતભૂષણ,

નવનીતપ્રિય શાસ્ત્રી

વલ્લભવેદાન્તાચાર્ય (પ્રદત્તસુવર્ણપદક), કાવ્યતીર્થ,
સિવિલ-એન્જીનિયર

પ્રકાશક : વિદ્યાનિધિ (ટ્રસ્ટ)
"વ્રજવિહાર" મોટીપોળ - મોદીસાંથ, નડીઆદ - ૩૮૭ ००૧.
ફોન નં. : (०૨૬૮) ૨૫૫०૯०૮

: સૌજન્યં :
શ્રીમતિ પન્નાબહેન જનકભાઈ મજમુદાર

ન્યોછાવર : ભગવત્પ્રીત્યર્થ નિત્યસેવન

શ્રીહરિઃ

વિદ્યાનિધિ (ટ્રસ્ટ)
"વ્રજવિહાર"
મોટીપોળ - મોદીસાંથ,
નડીઆદ - ૩૮૭ ૦૦૧.
ફોન નં. : (૦૨૬૮) ૨૫૫૦૯૦૮

© આ ગ્રંથના સર્વાધિકાર લેખકને સ્વાધીન છે.

પ્રથમાવૃત્તિ	પ્રત ૩૦૦૦	સં. ૨૦૨૮
દ્વિતીયાવૃત્તિ	પ્રત ૩૦૦૦	સં. ૨૦૩૧
તૃતીયાવૃત્તિ	પ્રત ૩૦૦૦	સં. ૨૦૫૫
ચતુર્થાવૃત્તિ	પ્રત ૩૦૦૦	સં. ૨૦૬૨

મુદ્રક : શ્રીયોગિનભાઈ પરીખ
ન્યૂ-ટેક. ફોટો કમ્પોઝર, નડીઆદ.
ફોન નં. : (૦૨૬૮) ૨૫૬૨૦૦૮

શ્રીહરિઃ

"ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम् ।"

શ્રીમદ્-ભાગવત

— પ્રથમ નજરે —

: લેખક :
ભાગવતરત્ન, ભગવચ્છાસ્ત્રનિષ્ણાત, ભાગવતભૂષણ,
નવનીતપ્રિય શાસ્ત્રી
વલ્લભવેદાન્તાચાર્ય (પ્રદત્તસુવર્ણપદક), કાવ્યતીર્થ,
સિવિલ-એન્જીનિયર

પ્રકાશક : વિદ્યાનિધિ (ટ્રસ્ટ)
"વ્રજવિહાર" મોટીપોળ - મોદીસાંથ, નડીઆદ - ૩૮૭ ૦૦૧.
ફોન નં. : (૦૨૬૮) ૨૫૫૦૯૦૮

: સૌજન્ય :
શ્રીમતિ પન્નાબહેન જનકભાઈ મજમુદાર

ન્યોછાવર : ભગવત્પ્રીત્યર્થ નિત્યસેવન

શ્રી હરિઃ

સ્વલ્પ - સંવેદન

શ્રીમદ્-ભાગવત ભગવાન શ્રીકૃષ્ણના હૃદયના રહસ્યનો પ્રકાશ છે. તે ભગવાનનાં મહિમાનું જ્ઞાન કરાવે છે. તે ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે. તેમાં સમજ સુલભ થાય માટે આ નાનકડો પ્રયાસ છે. દેશ-વિદેશમાં ચાલતાં અમારા શ્રીમદ્-ભાગવત-પરિવારમાં સૌ સુજનોએ શ્રીભાગવતના સેવનથી પોતાના જીવન બદલ્યા છે. ભગવાનનો આનંદ માણ્યો છે. આજ જીવનમાં ભગવાનને જાણવા અને માણવાનો આ નમ્ર પ્રયાસ છે. પ્રભુની કૃપાથી જ ફળે છે.

ચિરંજીવી બહેન પન્નાબહેનને આ પુસ્તિકા સૌને સુલભ કરવાનો મનોરથ થયો. પરિણામે આ પુસ્તિકાનું પુનઃમુદ્રણ સંભવ્યું. પ્રભુ કૃપા કરે સેવનથી સૌને શ્રીભાગવતમાં પ્રવેશ દે તેવી હાર્દિક મંગલ કામના.

સંવત ૨૦૬૨ લિ. કૃષ્ણકૃપાકાંક્ષી
ઉત્તરાયણ નવનીતપ્રિય શાસ્ત્રીનાં પ્રભુવંદન
વ્રજવિહાર, નડીઆદ.

શ્રીહરિઃ

શ્રીમદ્-ભાગવત

– પ્રથમ નજરે –

શ્રીમદ્ એટલે શોભાવાળું, લક્ષ્મીવાળું, સુંદર. શ્રીમદ્-ભાગવતની શોભા ભગવાન્ પોતે જ છે. ભગવાન્ રસરૂપ છે. રસના દશ પ્રકારો છે.– ૧. શૃંગાર, ૨. હાસ્ય, ૩. કરુણ, ૪. રૌદ્ર, ૫. વીર, ૬. ભયાનક, ૭. બીભત્સ, ૮. અદ્‌ભુત, ૯. શાન્ત અને ૧૦. ભક્તિ. સુખના પ્રતીકરૂપ– ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તે,– ચાર પુરુષાર્થ પણ રસરૂપ છે, તેથી ચૌદ રસવાળું ભાગવત– શ્રીમદ્-ભાગવત છે. દશ ઈન્દ્રિય, ચાર અંતઃકરણ-વિભાગ, ચૌદેયને તે રસમાં રસી દે છે, આનંદમગ્ન કરી દે છે.

ભગવાને કહેલું, ભગવાનને જ ઓળખાવનારું, ભગવાન્ જેનું ફલ છે તેવું, ભગવાનનું નામાત્મક

સ્વરૂપ, ભગવાનનું કહેલું ભક્તો કહે તે, ભગવાન્ અને ભક્તો સંબંધી, ભાગવત છે.

શ્રીમદ્-ભાગવતના શ્રવણ, કીર્તન, સ્મરણ રૂપ સેવનથી પ્રભુમાં પ્રીતિ ઉત્પન્ન થાય. પ્રીતિ ભક્તિરૂપ છે. ભગવાનની ભક્તિથી મોહ, લોભ અને ભય અથવા નિરાશા દૂર થઈ જાય છે.

સાંભળવા ઈચ્છનાર કોઈપણ શ્રદ્ધાળુ વ્યક્તિ શ્રીમદ્-ભાગવતનું શ્રવણ કરી શકે છે. શ્રીમદ્-ભાગવત સૌને સરલતાથી, જલદીથી ભગવાન્ મેળવી આપે છે. ભગવાનની સેવા કરનારમાં જેમ ભગવાનનો પ્રભાવ હોય તેમ, શ્રીમદ્-ભાગવતનું ચિંતન કરનારમાં શ્રીમદ્-ભાગવતનો વિચારી ન શકાય તેવો પ્રભાવ હોય.

શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજીએ દૈવીજીવોના ઉદ્ધાર માટે કૃપા કરીને શ્રીમદ્-ભગવતનો ગૂઢાર્થ પ્રકટ કર્યો છે. વ્યાસજી અને ભગવાનને તે પ્રિય છે. તેમાં સાત પ્રકારના અર્થો છે. તે વિરોધ વગર સમજાય તો, શ્રીમદ્-ભાગવત મુક્તિ આપે છે,

સંસારમાંથી આસક્તિ દૂર કરે છે. જે ભક્તિમાં ઉપયોગી છે. (૧) શાસ્ત્ર, (૨) સ્કંધ, (૩) પ્રકરણ, (૪) અધ્યાય, (૫) શ્લોક, (૬) પદ અને (૭) અક્ષરના અર્થ રૂપ સાતે અર્થો વિરોધ વગર થવા જોઈએ. પરંપરાગત આ સાત અર્થો, શ્રીમદ્-ભાગવતના થાય છે, બીજે થતા નથી. શ્રીમદ્-ભાગવતની કથામાં જ્યાં પરસ્પર વિરોધ કે પુનરુક્તિ દેખાય ત્યાં કલ્પભેદથી સમાધાન થાય, અથવા સમાધિભાષા, પરમતભાષા અને લૌકિકભાષાના ભેદથી પણ સમાધાન થાય. શ્રીમદ્-ભાગવતમાં આ ત્રણ પ્રકારની ભાષા છે. સામાન્યરીતે બધી જ સમાધિભાષા છે. બીજાનું કહેલું વર્ણવે તે પરમતભાષા. લૌકિકવર્ણન હોય ત્યાં લૌકિકભાષા. સમાધિભાષાથી અવિરોધી હોય તો મતાન્તર કે લૌકિકીભાષા પ્રમાણે ગણાય, નહિ તો બોલનારના અભિપ્રાય પૂરતું જ પ્રમાણ ગણાય.

શ્રીમદ્-ભાગવત શ્રવણ કરવામાં શ્રદ્ધા મુખ્ય

અંગ છે. (મોટી જરૂરીઆત છે.) શ્રીમદ્-ભાગવત શ્રવણ કરવા ઈચ્છનારને સંસારમાં વૈરાગ્ય હોવો જોઈએ તથા શ્રીમદ્-ભાગવતનું સ્પષ્ટ રહસ્ય-જ્ઞાન પણ હોવું જરૂરી છે. શ્રીમદ્-ભાગવત ભક્તના મુખેથી સાંભળવું જોઈએ. કથા સાંભળ્યા પછી હમેશાં પોતાના શાસ્ત્રના સિદ્ધાંતો સાથે સાંભળેલી વાતોને સરખાવી, વિચારી, ભગવાનના સ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ. તેનાથી પ્રભુમાં પ્રીતિ થાય. કથા સાંભળ્યા પછી ભગવાનને સ્પષ્ટ સમજવા એનું નામ શ્રવણ. શ્રીભાગવત સમજવા માટે ત્રણ જરૂરી છે,– ૧. બુદ્ધિ-તીક્ષ્ણતા, ૨. અંતઃકરણની નિર્દોષતા, ૩. આયુષ્ય (આરોગ્ય).

ભગવત્પ્રીત્યર્થ શ્રીભાગવતજીનું સેવન થાય. સ્વજન-પ્રેતોદ્ધારાદિ તો ભાગવતમાહાત્મ્ય છે, વિધિ નથી. કર્મ-જ્ઞાનાદિથી જે બને નહિ, તે શ્રીભાગવતથી થાય. શ્રીભાગવતકથા તો શ્રીશુકે દેવોને પણ અભક્ત જાણીને સંભળાવી નથી. સત્તા-સંપત્તિ-સુંદરતા-સદ્ગુણ-સામર્થ્યાદિ સઘળું હોવા છતાં, ભક્તિ ન હોય તેવાઓની પણ શ્રીભાગવતકથા-શ્રવણ-યોગ્યતા નથી. અમૃતપાનના અધિકારી પણ કથામૃતપાનના અધિકારી નથી ! કથાશ્રવણાર્થ સૌને નિમંત્રણ કરવું. ક્ષણ પણ અહીં દુર્લભ છે. વિરક્ત-વૈષ્ણવ-વિપ્ર-શાસ્ત્રજ્ઞ-દૃષ્ટાન્તકુશલ-ધીર-નિરપેક્ષ વક્તા પાસે શ્રવણ કરવું, અન્ય પાસે નહિ. નિયમપૂર્વક કથા સાંભળવી. ઉપવાસાદિ ગૌણ છે, શ્રવણ મુખ્ય છે. સંમુખતા સચવાય, દેહધર્મ અવરોધ ન કરે, તેવા નિયમ રાખવા. લોકવ્યવહાર, નોકરી-ધંધા, ઘર, પરિવારાદિની ચિંતા છોડીને એકાગ્રતાથી કથાશ્રવણ કરવું. શુદ્ધબુદ્ધિ રાખવી. કામ-ક્રોધ-મદ-માન-મત્સર-લોભ-દંભ-મોહ-દ્વેષ છોડવાં. પ્રમાદ છોડવો. કથા-શ્રવણ પછી કથાનું કીર્તન કરવું,- કોઈને તે સંભળાવવું-સમજાવવું. કથા-સમાપ્તિમાં પૂજનપ્રસંગે મૃદંગાદિ સાથે કીર્તન કરવાં. કથા દરમ્યાન તેમ કરવાનું કહેલું દેખાતું નથી. પ્રસાદ-તુલસી-માલા શ્રોતાઓને દેવાં. જ્ઞાતિભોજનાદિના

વ્યવહારો કહેલા નથી. ૧. ગુરુ-વક્તાના વાક્યમાં વિશ્વાસ, ૨. પોતાનામાં દીનભાવના, ૩. મનોદોષ-જય, ૪. કથામાં સ્થિર બુદ્ધિ, ફલમાં ઉપકારક છે.

શ્રીમદ્ભાગવત ભક્તિ ઉત્પન્ન કરનારું શાસ્ત્ર છે. તેના આરંભમાં શ્રીકૃષ્ણની જ્ઞાનકલાના પૂર્ણાવતાર ભગવાન્ કૃષ્ણદ્વૈપાયન વેદવ્યાસજી ત્રણ શ્લોકથી મંગલાચરણ કરે છે. આ મંગલાચરણના પહેલા શ્લોકમાં શ્રીમદ્ભાગવતના અઢાર હજાર શ્લોકોમાં ગાયેલા ભગવાનનું લીલાઓ સહિત ટૂંકમાં નિરૂપણ છે. તેમાં ગાયત્રીનો અર્થ પણ સમાયેલો છે. આ શ્લોક બીજરૂપ છે. વેદમાતા ગાયત્રી છે, તેથી વેદ અને શ્રીમદ્ભાગવત એક જ બીજવાળાં હોવાથી સમાન છે; અને પરસ્પર વિરોધવાળાં નથી તથા શ્રીમદ્ભાગવત વેદ કરતાં દુર્બલ નથી.

મંગલાચરણના બીજા શ્લોકમાં વૃક્ષરૂપનું નિરૂપણ છે. તેમાં અદેખાઈ વગરના સાધુપુરુષોનો કપટ વગરનો પરમ ધર્મ શ્રીમદ્ભાગવતમાં છે,- તેમ કહેલું

છે. જાણવા જેવું, વાસ્તવરૂપ, કલ્યાણ કરનાર, બધાં દુઃખોને મૂળમાંથી દૂર કરનાર, બ્રહ્મ (ભગવાન્)નું નિરૂપણ શ્રીમદ્ભાગવતમાં છે. શ્રીમદ્ભાગવતના શ્રવણ-માત્રથી હૃદયમાં ભગવાન્ સ્થિર થાય છે. તેને સાંભળવા ઈચ્છનાર અને જીવનનો સાચો માર્ગ ઝંખનાર નિપુણ વ્યક્તિ પ્રભુને મેળવીને કૃતાર્થ બને છે. મહામુનિ વ્યાસજીએ સમાધિમાં નિહાળેલું આ શ્રીમદ્ભાગવત સાંભળ્યા પછી, બીજું કાંઈ સાંભળવાનું બાકી રહેતું નથી, બીજું સાંભળવાથી વિશેષ લાભ નથી, બીજું ન સાંભળવાથી નુકશાન નથી.

ત્રીજા શ્લોકમાં ફલરૂપે શ્રીમદ્ભાગવતના સ્વરૂપનું વર્ણન છે. વેદવૃક્ષ ઉપરથી નીચે ગળી પડેલું આ ફલ છે. તેમાં વેદનો રસ પૂરેપૂરો ભરેલો છે. ભક્તિરસ અને ભગવદ્રસ બંનેનું તેમાં સંયોજન થયેલું છે. વ્યાપિવૈકુંઠના નિઃશ્રેયસ્ નામના ઉદ્યાનની અંદર, વેદ (નિગમ) કલ્પવૃક્ષ આવેલું છે. તેના ઉપર શ્રીમદ્ભાગવત પક્વ ફલ છે. ફલ હોવા છતાં પણ તેમાં

છોડાં-ગોટલા જેવી નાખી દેવાની વસ્તુ નથી. સંપૂર્ણપણે તે રસમય છે. પૃથ્વી ઉપર સરલતાથી તેનો લાભ મળે છે. રસિક અને ભાવુક તેનો સ્વાદ માણી શકે છે. લૌકિક ઈચ્છાઓ જેના હૃદયમાં ન હોય તે રસિક છે; અને કથા સાંભળ્યા પછી કે સાંભળતી વખતે, પોતાના મનની અંદર કથાસંબંધી લીલાની ભાવના કરી શકે તેવો ભાવના-ચતુર ભાવુક છે. લય પર્યંત શ્રીમદ્-ભાગવત-રસનું વારંવાર પાન કરવાનો વ્યાસજી આગ્રહ કરે છે. મોક્ષ કરતાં મોંઘો ભક્તિરસ શ્રીમદ્- ભાગવતમાંથી મળે છે.

આમ, આ પહેલા ત્રણ શ્લોકોમાં બીજ, વૃક્ષ અને ફલ એ ત્રણ ભાવોથી સંગતિ છે, નૈમિષારણ્યમાં બેઠેલા ઋષિયોએ સૂતજીને ભગવાનના છ ગુણો હોવાથી ભગવાન્ સંબંધી છ પ્રશ્નો પૂછ્યા છે.

(૧) માનવ-માત્રનું કલ્યાણ શું ? (૨) પ્રભુ પ્રસન્ન થાય તેવું સાર-રૂપ શ્રવણ કરવા યોગ્ય શું ? (૩) કૃષ્ણાવતારનું પ્રયોજન શું ? (૪) ભગવાનની

લીલાઓ કઈ ? (૫) ભગવાનની અન્ય અવતાર-કથાઓ કઈ ? (૬) પ્રભુના સ્વધામ પધાર્યા પછી ધર્મ કોને શરણે ગયો ? આ છ પ્રશ્નોનો સામાન્ય ઉત્તર પ્રથમસ્કન્ધના બીજા-ત્રીજા અધ્યાયમાં છે; અને સમગ્ર રીતે ઉત્તર સંપૂર્ણ શ્રીમદ્-ભાગવત છે.

કથારૂપ શ્રીમદ્ભાગવતની શરૂઆત ચોથા શ્લોકથી થાય છે. શ્રીમદ્ભાગવતની આ કથા નૈમિષારણ્યમાં થઈ. તે કથાના વક્તા શ્રીસૂતજી છે અને શ્રોતા શૌનક વગેરે અઠ્યાસી હજાર ઋષિયો છે.

શ્રીમહાપ્રભુજીના મતે, કથાના અર્થ પ્રમાણે, સામાન્ય-અસામાન્ય-ગુણાતીત— એમ ત્રિવિધ અધિકાર-પ્રકરણ અહીં છે. તેના ૯,૯,૧ અધ્યાય છે. મતાન્તરમાં, હીન-મધ્યમ-ઉત્તમાધિકાર-પ્રકરણ છે. તેના ૩,૩,૧૩ અધ્યાયો છે. તે કથા દેશ-કાલાનુસાર છે.

શ્રીમદ્ભાગવતની કથામાં મુખ્ય ત્રણ શ્રોતા-વક્તા છે; અને કથા પણ ત્રણ સ્થળે થઈ છે. ઉત્તમ-પ્રકારના અધિકારીઓની કથા ગંગાકિનારે પરીક્ષિત

રાજાની સભામાં થઈ. મધ્યમ-કક્ષાના અધિકારીઓની કથા વ્યાસજીના આશ્રમમાં સરસ્વતી નદીના કિનારા ઉપર થઈ અને હીન-અધિકારવાળા શ્રોતા-વક્તાની કથા નૈમિષારણ્યમાં થઈ.

આ ત્રણ સિવાય પણ, શ્રીમદ્‌ભાગવતની કથામાં બીજા શ્રોતાવક્તા જોવા મળે છે. ત્રીજા અને ચોથા સ્કંધમાંની કથા મૈત્રેય મુનિએ વિદુરજીને સંભળાવી. એ કથા ગંગાકિનારે બ્રહ્મકુંડ પાસે થઈ. પંચમ સ્કંધમાં રહૂગણને ભરતદેવજીએ કહેલી કથા છે. તે ઈક્ષુમતિ નદીના કિનારે થઈ. સપ્તમ સ્કંધમાંની કથા રાજા યુધિષ્ઠિરજીને દેવર્ષિ નારદે ઈન્દ્રપ્રસ્થ નગરમાં સંભળાવી. એકાદશ સ્કંધમાં નવ યોગેશ્વરોએ નિમિરાજા (વિદેહરાજા)ને ભગવદ્ધર્મોનો ઉપદેશ તેના રાજ્યમાં સત્ર-પ્રસંગે કર્યો છે. એ સંવાદ મહર્ષિ નારદે વસુદેવજીને દ્વારકામાં સંભળાવ્યો છે. યદુરાજાને પચીસ ગુરુઓનો ઉપદેશ દેનાર ભગવાન્ દત્તાત્રેયજી અરણ્યમાં મળ્યા છે. આ બધા જ શ્રોતા-વક્તા મુખ્ય

ત્રણમાં અંતર્ભાવ પામે (સમાઈ જાય) છે. એટલે બધાને ગણવામાં આવ્યા નથી,

ઉપરાંત, બીજાસ્કંધમાં ભગવાને બ્રહ્માજીને વૈકુંઠમાં મૂલ ચતુઃશ્લોકી ભાગવત કહ્યું છે; તથા બ્રહ્માજીએ નારદજીને બ્રહ્મલોકમાં કથા સંભળાવી છે; ત્રીજા સ્કંધમાંનો ઉદ્ધવજી અને વિદુરજીનો સંવાદ યમુનાકિનારે થયો છે; તથા ભગવાને ઉદ્ધવજીને અગિયારમા સ્કંધમાં જ્ઞાન દીધું છે.

હીનાધિકારવાળા વક્તા શ્રીસૂતજીએ ઋષિયોને કથા નૈમિષારણ્યમાં સંભળાવી છે. મનની બધી જ વૃત્તિયો જે સ્થળમાં શાંત થઈ જાય, મન ભટકવાને બદલે સ્થિર થઈ જાય, તેવું ઋષિયોએ પોતાને તપ કરવા માટે બ્રહ્માજીના સૂચનથી શોધેલું સ્થળ નૈમિશારણ્ય છે. આ સ્થળે મનમાં મલિન વિચાર ન આવે, અથવા આવેલા વ્યર્થ અને મલિન વિચારો રૂપી આસુરબલ નિમિષ (આંખના પલકારા) માત્રમાં શાંત થઈ જાય, તે સ્થળ નૈમિષારણ્ય છે.

આપણે બધા આધુનિક શ્રોતાઓ, શૌનક વિગેરે ઋષિયો કરતાં પણ ઉતરતા અધિકારવાળા છીએ. સૌ સંસારીઓને શ્રીશુકદેવજીની કરુણાથી શ્રીભાગવત સાંભળવાનું મળે છે. ઉત્તમ-અધિકારવાળો તો કોઈ પણ સ્થળે સાંભળે, તો પણ તેને ઉત્તમ જ ફલ થાય. અધિકાર ઓછો હોય તો બધે સ્થળે મન શાંત થઈ શકતું નથી, વિચારો આવતા અટકી જતા નથી. પરિણામે મન ભગવાનની કથામાં સ્થિર થઈ આનંદ અનુભવી શકતું નથી, તેથી જ્યાં ઘરના વિચારો ન આવે, જ્યાં સંસારના વ્યવહારો ન કરવા પડે, જે સ્થળની પવિત્રતાથી, શ્રીમદ્-ભાગવત સાંભળવાથી ભગવાનના રસનો અનુભવ થાય,- તેવું સ્થળ ભગવાનના સંબંધવાળું હોય તો, ઉત્તમ ગણાય. ઋષિયોએ પસંદ કરેલું નૈમિષારણ્ય ભગવાનના સંબંધવાળું છે. તેના સ્વામી વિષ્ણુભગવાન્ છે. વિષ્ણુ ભગવાન્ સાત્ત્વિક છે; અને આ કથાનું સ્થળ વન છે, તે પણ સાત્ત્વિક-સ્થાન છે, તેથી રજોગુણવાળા પ્રવૃત્તિશીલમાં પણ સ્થિરતા અને શાંતિ આવે છે. ઋષિયોમાં આ લાભ દેખાય છે.

ઋષિયો નૈમિષારણ્યમાં એક હજાર વર્ષનો સત્ર કરી રહ્યા છે. બ્રહ્માજીના હજાર વર્ષના સત્રમાં પહેલાં પ્રભુ પ્રકટ થયેલા. ઋષિયો આ જાણતા હતા, તેથી પોતાને ત્યાં પણ પ્રભુ પ્રકટ થાય, તેવા આશયથી હજાર વર્ષનો સત્ર કરી રહ્યા છે. તેમને સ્વર્ગ મેળવવાની ઈચ્છા છે. આ સ્વર્ગ એટલે સ્વર્ગ નામનો એક દેવતા છે, અથવા લોકાત્મક ભગવાનનો એ આનંદ-અંશ છે. સ્વર્ગનો અર્થ આત્મસુખ પણ છે. આ લાંબા સત્રમાં વચમાં કોઈનું મૃત્યુ ન થાય માટે, ઋષિયોએ મૃત્યુને પણ નિમંત્રણ આપીને બેસાડ્યા છે, તેથી યજ્ઞ દરમ્યાનમાં કોઈનું મૃત્યુ થવાનો સંભવ નથી.

આવા સમર્થ ઋષિયો હોવા છતાં, તે હીન અધિકારવાળા છે, કારણ કે તે ઋષિયો પોતાના વક્તા સૂત કરતાં પોતાને ચઢિયાતા ગણતા હતા. સૂત હીન જાતિના છે. ક્ષત્રિય પિતા અને બ્રાહ્મણ માતાનું તે

સંતાન છે. આ વિલોમ અથવા પ્રતિલોમ-જાતિ કહેવાય. ઋષિયો પોતાને બ્રાહ્મણ ગણી, વેદમાં પોતાનો અધિકાર છે અને સૂતનો નથી,– તેમ માનતા હતા. શૌનક વિગેરે ઋષિયોને અનેક શિષ્યો પણ છે, તેથી ગુરુત્વનું પણ અભિમાન તેમને છે. ઉપરાંત, યજ્ઞ કરીને સ્વર્ગનું ફલ મેળવવાની ઈચ્છા છે. આ બધાં કારણોએ સમર્થ ઋષિયોનો પણ હીન-અધિકાર ગણાયો છે.

શ્રીમદ્-ભાગવતના શ્રોતામાં ઓછામાં ઓછી ત્રણ યોગ્યતાઓ જોઈએ. (૧) જિજ્ઞાસા (જાણવાની ઈચ્છા; વિચાર), (૨) અમાત્સર્ય (અદેખાઈનો અભાવ), (૩) શ્રવણમાં આદર (પ્રેમથી શ્રવણ કરવું, અઘરાને સમજવાનો પ્રયત્ન કરવો). ઋષિયોમાં આ ત્રણે લક્ષણો છે.

વક્તામાં ઓછામાં ઓછાં ત્રણ લક્ષણ જોઈએ. (૧) ગુરુ-પરંપરાથી શ્રીમદ્-ભાગવત સાંભળેલું હોવું જોઈએ. (અધ્યયન જોઈએ), (૨) શ્રીમદ્-ભાગવતના

છે. જાણવા જેવું, વાસ્તવરૂપ, કલ્યાણ કરનાર, બધાં દુઃખોને મૂળમાંથી દૂર કરનાર, બ્રહ્મ (ભગવાન્)નું નિરૂપણ શ્રીમદ્‌ભાગવતમાં છે. શ્રીમદ્‌ભાગવતના શ્રવણ-માત્રથી હૃદયમાં ભગવાન્ સ્થિર થાય છે. તેને સાંભળવા ઈચ્છનાર અને જીવનનો સાચો માર્ગ ઝંખનાર નિપુણ વ્યક્તિ પ્રભુને મેળવીને કૃતાર્થ બને છે. મહામુનિ વ્યાસજીએ સમાધિમાં નિહાળેલું આ શ્રીમદ્‌ભાગવત સાંભળ્યા પછી, બીજું કાંઈ સાંભળવાનું બાકી રહેતું નથી, બીજું સાંભળવાથી વિશેષ લાભ નથી, બીજું ન સાંભળવાથી નુકશાન નથી.

ત્રીજા શ્લોકમાં ફલરૂપે શ્રીમદ્‌ભાગવતના સ્વરૂપનું વર્ણન છે. વેદવૃક્ષ ઉપરથી નીચે ગળી પડેલું આ ફલ છે. તેમાં વેદનો રસ પૂરેપૂરો ભરેલો છે. ભક્તિરસ અને ભગવદ્‌રસ બંનેનું તેમાં સંયોજન થયેલું છે. વ્યાપિવૈકુંઠના નિઃશ્રેયસ્ નામના ઉદ્યાનની અંદર, વેદ (નિગમ) કલ્પવૃક્ષ આવેલું છે. તેના ઉપર શ્રીમદ્-ભાગવત પક્વ ફલ છે. ફલ હોવા છતાં પણ તેમાં

છોડાં-ગોટલા જેવી નાખી દેવાની વસ્તુ નથી. સંપૂર્ણપણે તે રસમય છે. પૃથ્વી ઉપર સરલતાથી તેનો લાભ મળે છે. રસિક અને ભાવુક તેનો સ્વાદ માણી શકે છે. લૌકિક ઈચ્છાઓ જેના હૃદયમાં ન હોય તે રસિક છે; અને કથા સાંભળ્યા પછી કે સાંભળતી વખતે, પોતાના મનની અંદર કથાસંબંધી લીલાની ભાવના કરી શકે તેવો ભાવના-ચતુર ભાવુક છે. લય પર્યંત શ્રીમદ્-ભાગવત-રસનું વારંવાર પાન કરવાનો વ્યાસજી આગ્રહ કરે છે. મોક્ષ કરતાં મોંઘો ભક્તિરસ શ્રીમદ્- ભાગવતમાંથી મળે છે.

આમ, આ પહેલા ત્રણ શ્લોકોમાં બીજ, વૃક્ષ અને ફલ એ ત્રણ ભાવોથી સંગતિ છે, નૈમિષારણ્યમાં બેઠેલા ઋષિયોએ સૂતજીને ભગવાનના છ ગુણો હોવાથી ભગવાન્ સંબંધી છ પ્રશ્નો પૂછ્યા છે.

(૧) માનવ-માત્રનું કલ્યાણ શું ? (૨) પ્રભુ પ્રસન્ન થાય તેવું સાર-રૂપ શ્રવણ કરવા યોગ્ય શું ? (૩) કૃષ્ણાવતારનું પ્રયોજન શું ? (૪) ભગવાનની લીલાઓ કઈ ? (૫) ભગવાનની અન્ય અવતાર-કથાઓ કઈ ? (૬) પ્રભુના સ્વધામ પધાર્યા પછી ધર્મ કોને શરણે ગયો ? આ છ પ્રશ્નોનો સામાન્ય ઉત્તર પ્રથમસ્કન્ધના બીજા-ત્રીજા અધ્યાયમાં છે; અને સમગ્ર રીતે ઉત્તર સંપૂર્ણ શ્રીમદ્-ભાગવત છે.

કથારૂપ શ્રીમદ્ભાગવતની શરૂઆત ચોથા શ્લોકથી થાય છે. શ્રીમદ્ભાગવતની આ કથા નૈમિષારણ્યમાં થઈ. તે કથાના વક્તા શ્રીસૂતજી છે અને શ્રોતા શૌનક વગેરે અઠ્યાસી હજાર ઋષિયો છે.

શ્રીમહાપ્રભુજીના મતે, કથાના અર્થ પ્રમાણે, સામાન્ય-અસામાન્ય-ગુણાતીત— એમ ત્રિવિધ અધિકાર-પ્રકરણ અહીં છે. તેના ૯,૯,૧ અધ્યાય છે. મતાન્તરમાં, હીન-મધ્યમ-ઉત્તમાધિકાર-પ્રકરણ છે. તેના ૩,૩,૧૩ અધ્યાયો છે. તે કથા દેશ-કાલાનુસાર છે.

શ્રીમદ્ભાગવતની કથામાં મુખ્ય ત્રણ શ્રોતા-વક્તા છે; અને કથા પણ ત્રણ સ્થળે થઈ છે. ઉત્તમ-પ્રકારના અધિકારીઓની કથા ગંગાકિનારે પરીક્ષિત

રાજાની સભામાં થઈ. મધ્યમ-કક્ષાના અધિકારીઓની કથા વ્યાસજીના આશ્રમમાં સરસ્વતી નદીના કિનારા ઉપર થઈ અને હીન-અધિકારવાળા શ્રોતા-વક્તાની કથા નૈમિષારણ્યમાં થઈ.

આ ત્રણ સિવાય પણ, શ્રીમદ્ભાગવતની કથામાં બીજા શ્રોતાવક્તા જોવા મળે છે. ત્રીજા અને ચોથા સ્કંધમાંની કથા મૈત્રેય મુનિએ વિદુરજીને સંભળાવી. એ કથા ગંગાકિનારે બ્રહ્મકુંડ પાસે થઈ. પંચમ સ્કંધમાં રહૂગણને ભરતદેવજીએ કહેલી કથા છે. તે ઈક્ષુમતિ નદીના કિનારે થઈ. સપ્તમ સ્કંધમાંની કથા રાજા યુધિષ્ઠિરજીને દેવર્ષિ નારદે ઇન્દ્રપ્રસ્થ નગરમાં સંભળાવી. એકાદશ સ્કંધમાં નવ યોગેશ્વરોએ નિમિરાજા (વિદેહરાજા)ને ભગવદ્ધર્મોનો ઉપદેશ તેના રાજ્યમાં સત્ર-પ્રસંગે કર્યો છે. એ સંવાદ મહર્ષિ નારદે વસુદેવજીને દ્વારકામાં સંભળાવ્યો છે. યદુરાજાને પચીસ ગુરુઓનો ઉપદેશ દેનાર ભગવાન્ દત્તાત્રેયજી અરણ્યમાં મળ્યા છે. આ બધા જ શ્રોતા-વક્તા મુખ્ય

ત્રણમાં અંતર્ભાવ પામે (સમાઈ જાય) છે. એટલે બધાને ગણવામાં આવ્યા નથી,

ઉપરાંત, બીજાસ્કંધમાં ભગવાને બ્રહ્માજીને વૈકુંઠમાં મૂલ ચતુઃશ્લોકી ભાગવત કહ્યું છે; તથા બ્રહ્માજીએ નારદજીને બ્રહ્મલોકમાં કથા સંભળાવી છે; ત્રીજા સ્કંધમાંનો ઉદ્ધવજી અને વિદુરજીનો સંવાદ યમુનાકિનારે થયો છે; તથા ભગવાને ઉદ્ધવજીને અગિયારમા સ્કંધમાં જ્ઞાન દીધું છે.

હીનાધિકારવાળા વક્તા શ્રીસૂતજીએ ઋષિયોને કથા નૈમિષારણ્યમાં સંભળાવી છે. મનની બધી જ વૃત્તિયો જે સ્થળમાં શાંત થઈ જાય, મન ભટકવાને બદલે સ્થિર થઈ જાય, તેવું ઋષિયોએ પોતાને તપ કરવા માટે બ્રહ્માજીના સૂચનથી શોધેલું સ્થળ નૈમિશારણ્ય છે. આ સ્થળે મનમાં મલિન વિચાર ન આવે, અથવા આવેલા વ્યર્થ અને મલિન વિચારો રૂપી **આસુરબલ નિમિષ** (આંખના પલકારા) માત્રમાં શાંત થઈ જાય, તે સ્થળ નૈમિષારણ્ય છે.

આપણે બધા આધુનિક શ્રોતાઓ, શૌનક વિગેરે ઋષિયો કરતાં પણ ઉતરતા અધિકારવાળા છીએ. સૌ સંસારીઓને શ્રીશુકદેવજીની કરુણાથી શ્રીભાગવત સાંભળવાનું મળે છે. ઉત્તમ-અધિકારવાળો તો કોઈ પણ સ્થળે સાંભળે, તો પણ તેને ઉત્તમ જ ફલ થાય. અધિકાર ઓછો હોય તો બધે સ્થળે મન શાંત થઈ શકતું નથી, વિચારો આવતા અટકી જતા નથી. પરિણામે મન ભગવાનની કથામાં સ્થિર થઈ આનંદ અનુભવી શકતું નથી, તેથી જ્યાં ઘરના વિચારો ન આવે, જ્યાં સંસારના વ્યવહારો ન કરવા પડે, જે સ્થળની પવિત્રતાથી, શ્રીમદ્-ભાગવત સાંભળવાથી ભગવાનના રસનો અનુભવ થાય,- તેવું સ્થળ ભગવાનના સંબંધવાળું હોય તો, ઉત્તમ ગણાય. ઋષિયોએ પસંદ કરેલું નૈમિષારણ્ય ભગવાનના સંબંધવાળું છે. તેના સ્વામી વિષ્ણુભગવાન્ છે. વિષ્ણુ ભગવાન્ સાત્ત્વિક છે; અને આ કથાનું સ્થળ વન છે, તે પણ સાત્ત્વિક-સ્થાન છે, તેથી રજોગુણવાળા

પ્રવૃત્તિશીલમાં પણ સ્થિરતા અને શાંતિ આવે છે. ઋષિયોમાં આ લાભ દેખાય છે.

ઋષિયો નૈમિષારણ્યમાં એક હજાર વર્ષનો સત્ર કરી રહ્યા છે. બ્રહ્માજીના હજાર વર્ષના સત્રમાં પહેલાં પ્રભુ પ્રકટ થયેલા. ઋષિયો આ જાણતા હતા, તેથી પોતાને ત્યાં પણ પ્રભુ પ્રકટ થાય, તેવા આશયથી હજાર વર્ષનો સત્ર કરી રહ્યા છે. તેમને સ્વર્ગ મેળવવાની ઈચ્છા છે. આ સ્વર્ગ એટલે સ્વર્ગ નામનો એક દેવતા છે, અથવા લોકાત્મક ભગવાનનો એ આનંદ-અંશ છે. સ્વર્ગનો અર્થ આત્મસુખ પણ છે. આ લાંબા સત્રમાં વચમાં કોઈનું મૃત્યુ ન થાય માટે, ઋષિયોએ મૃત્યુને પણ નિમંત્રણ આપીને બેસાડ્યા છે, તેથી યજ્ઞ દરમ્યાનમાં કોઈનું મૃત્યુ થવાનો સંભવ નથી.

આવા સમર્થ ઋષિયો હોવા છતાં, તે હીન અધિકારવાળા છે, કારણ કે તે ઋષિયો પોતાના વક્તા સૂત કરતાં પોતાને ચઢિયાતા ગણતા હતા. સૂત હીન જાતિના છે. ક્ષત્રિય પિતા અને બ્રાહ્મણ માતાનું તે

સંતાન છે. આ વિલોમ અથવા પ્રતિલોમ-જાતિ કહેવાય. ઋષિયો પોતાને બ્રાહ્મણ ગણી, વેદમાં પોતાનો અધિકાર છે અને સૂતનો નથી,– તેમ માનતા હતા. શૌનક વિગેરે ઋષિયોને અનેક શિષ્યો પણ છે, તેથી ગુરુત્વનું પણ અભિમાન તેમને છે. ઉપરાંત, યજ્ઞ કરીને સ્વર્ગનું ફલ મેળવવાની ઈચ્છા છે. આ બધાં કારણોએ સમર્થ ઋષિયોનો પણ હીન-અધિકાર ગણાયો છે.

શ્રીમદ્-ભાગવતના શ્રોતામાં ઓછામાં ઓછી ત્રણ યોગ્યતાઓ જોઈએ. (૧) જિજ્ઞાસા (જાણવાની ઈચ્છા; વિચાર), (૨) અમાત્સર્ય (અદેખાઈનો અભાવ), (૩) શ્રવણમાં આદર (પ્રેમથી શ્રવણ કરવું, અઘરાને સમજવાનો પ્રયત્ન કરવો). ઋષિયોમાં આ ત્રણે લક્ષણો છે.

વક્તામાં ઓછામાં ઓછાં ત્રણ લક્ષણ જોઈએ. (૧) ગુરુ-પરંપરાથી શ્રીમદ્-ભાગવત સાંભળેલું હોવું જોઈએ. (અધ્યયન જોઈએ), (૨) શ્રીમદ્-ભાગવતના

શ્લોકાર્થ સ્વીકારે છે; અને તે અર્થ પહેલાં કહેલા સાત પ્રકારે વિરોધ વગર એક જ અર્થ સમજાવે છે, તે સમજતાં મુક્તિ મળે છે. શ્રીમહાપ્રભુજીએ પહેલા ચાર અર્થો તત્ત્વાર્થદીપ-નિબંધમાં અને પછીના ત્રણ અર્થો શ્રીસુબોધિનીજીમાં કહેલા છે. આનન્દરૂપ હરિની લીલા તે શ્રીમદ્-ભાગવત શાસ્ત્રનો અર્થ છે. શ્રીસુબોધિનીજી શ્રીમહાપ્રભુજીનો આધિદૈવિક અભિપ્રાય સમજાવે છે. આધ્યાત્મિક અભિપ્રાય તત્ત્વાર્થદીપ-નિબંધમાં છે. આધિભૌતિક અભિપ્રાય શ્રીમદણુભાષ્યમાં છે. નિર્ગુણ શ્રીષોડશગ્રંથમાં છે.

શ્રીવલ્લભાચાર્યજીના ચાર પ્રકારના અભિપ્રાય દેખાય છે. ભાષ્યમાં શ્રીવ્યાસમતાનુયાયી દેખાય છે. નિબંધમાં વિષ્ણુસ્વામિ-મતાનુયાયી દેખાય છે. શ્રીસુબોધિનીજીમાં શ્રીલક્ષ્મણભટ્ટાત્મજ દેખાય છે. કૃષ્ણદાસ શ્રીવલ્લભાચાર્યજી ભગવત્સ્વરૂપે પણ ષોડષગ્રંથમાં દેખાય છે. વિષ્ણુસ્વામીનો મત તામસ છે. શ્રીવલ્લભાચાર્યજી-પ્રતિપાદિત મત નિર્ગુણ છે.

શ્રીમહાપ્રભુજીની ભાષા અત્યંત સરલ, સ્પષ્ટ, સારગર્ભ, ટૂંકી (સૂત્રાત્મક) અને ગંભીર છે. એટલે સંસ્કૃત ભાષા જાણનારને કદાચ તેનો શબ્દાર્થ સરલતાથી સમજાય, પણ શાસ્ત્રાર્થ અને ભાવાર્થ સમર્થ પંડિતોને પણ મૂંઝવી મૂકે છે. શ્રીગુસાંઈજીએ શ્રીસર્વોત્તમ-સ્તોત્રમાં "તદુક્તમપિ દુર્બોધમ્"-શબ્દથી આ ગંભીરતા સ્વીકારી છે. નિગૂઢ-હૃદયવાળા શ્રીમહાપ્રભુજી પોતાનું સ્વારસ્ય, 'નિગૂઢહૃદયોઽનન્ય-ભક્તેષુ જ્ઞાપિતાશયઃ'થી, અનન્ય ભક્તોને સ્વયં સમજાવે છે.

શ્રીમદ્-ભાગવતનો અર્થ અત્યંત કઠિન છે. વાણીના પતિ અગ્નિદેવ સિવાય બીજો કોઈ તેને સંપૂર્ણપણે પ્રકટ કરવા સમર્થ થઈ શકે નહિ. જે અર્થ પોતાને સમજવો કઠિન પડે, તે અન્યને સમજાવી કોણ શકે ? કેવલ ભગવાનના મુખામ્બુજરૂપ આધિદૈવિક અગ્નિ-વૈશ્વાનરનું તે સામર્થ્ય છે. વાણી પોતાના પતિ અગ્નિને પોતાનું સ્વરૂપ પ્રકટ દર્શાવે છે, તેથી રસાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાના મુખામ્બુજરૂપ વૈશ્વાનરને સન્મનુષ્યાકૃતિ-રૂપે પ્રકટ કર્યા. વ્યાસજી ભગવાન્ પુરુષોત્તમની જ્ઞાનકલાના પૂર્ણાવતાર છે. તેમણે સમાધિમાં શ્રીમદ્-ભાગવતનું દર્શન કર્યું. ભગવાનની લીલાઓ નિહાળી. આ ભગવદિચ્છાથી અને ભગવદાજ્ઞાથી સંભવ્યું. તેમ શ્રીમદ્-ભાગવતમાં રહેલ ભગવાન્ રસરાજની લીલાઓનાં રહસ્યોનો નિર્ધાર શ્રીસુબોધિનીજીમાં સંભવ્યો. સાંપ્રદાયિક અનુશ્રુતિ પ્રમાણે તો, શ્રીમહાપ્રભુજીએ પહેલાં ભાગવતજી ઉપર સૂક્ષ્મ-ટીકા લખી, પણ સંતોષ ન થયો. ભગવાને વિશેષ કૃપા કરી, ત્યારે શ્રીસુબોધિનીજી પ્રકટ કર્યાં. તેમાં ભગવાને ઈચ્છેલા અને વ્યાસજીએ વિચારેલા, તે બંનેને પ્રિય થાય તેવા, ગૂઢ અર્થો શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કર્યા. શ્રીસુબોધિનીજીના ૧, ૨, અને ૩ સ્કંધ પ્રકટ થયા પછી, ભગવાન્ શ્રીમહાપ્રભુજી સિવાય લીલામાં વિકલ થતાં, શ્રીગોવર્ધનનાથજી રૂપે પ્રકટ થયા છતાં પણ, શ્રીમહાપ્રભુજીને ક્રમશઃ દેશ, દેહ અને લોકપ્રસિદ્ધ-પરિત્યાગની આજ્ઞાઓ કરી. પહેલી બે

આજ્ઞાઓ થયા પછી, શ્રીમહાપ્રભુજીએ હૃદયરૂપ દશમ સ્કંધનાં શ્રીસુબોધિનીજી પ્રકટ કર્યાં. (ત્રીજા સ્કંધ પછી) ચારથી નવસ્કંધ સુધીનાં શ્રીસુબોધિનીજી પ્રકટ કર્યાં નથી,-તેમ લાગે છે. એકાદશસ્કંધના પાંચમા અધ્યાયના બે શ્લોક સુધી શ્રીસુબોધિનીજી મળે છે, પછીનાં મળતાં નથી. શ્રીભાગવતજી શ્રીગોવર્ધનનાથજીનું સ્વરૂપ છે; અને ભાવનાશીલ ભક્તોના અભિપ્રાય પ્રમાણે શ્રીસુબોધિનીજી શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ છે. શ્રીસુબોધિનીજી ઉપર શ્રીગુસાંઈજીનાં ટિપ્પણી, શ્રીપુરુષોત્તમજીનો પ્રકાશ, શ્રીવલ્લભજીનો લેખ, શ્રીલાલુભટ્ટજીની યોજના, શ્રીનિર્ભયરામજીનો કારિકાર્થ અને કેટલાએ ગોસ્વામિબાલકો તથા વિદ્વાનોના સ્વતંત્રલેખો પ્રાપ્ત થાય છે.

શ્રીમદ્-ભાગવત ઉપર લગભગ ૭૨ ટીકાઓ જાણીતી કે અજાણી મળીને સંભળાય છે. આ પણ શ્રીમદ્-ભાગવતની મહત્તા છે. શ્રીશંકરાચાર્યજીના પૂર્વે થઈ ગયેલા વિદ્વાનોએ પણ શ્રીમદ્-ભાગવત ઉપર ટીકા લખી લાગે છે, તેથી કેટલાક શ્રીમદ્-ભાગવતને બોપદેવની કૃતિ માને છે,– તે વાતની અયોગ્યતા પણ સમજાઈ જાય છે. આ વિદ્વાનો પહેલાં થયા છે; અને બોપદેવ પછી થયા છે.

કેટલાક લોકો મહાપુરાણોમાં ભાગવત-શબ્દ હોવાથી દેવી-ભાગવતને મુખ્ય ગણે છે; પણ મહાપુરાણનાં લક્ષણો તપાસતાં તથા શ્રીમદ્-ભાગવતને ઓળખાવતાં બીજેથી મળતાં પ્રમાણો જોતાં, દેવી- ભાગવત મુખ્ય નથી. પણ શ્રીમદ્-ભાગવત મુખ્ય છે. તે સ્પષ્ટ સમજાય છે. ચાર પુરાણ અને મહાભારતની રચના પછી વ્યાસજીએ શ્રીમદ્-ભાગવત પ્રકટ કર્યું છે, પછી બીજા અધિકારીઓ માટે અન્ય-પુરાણાદિની પ્રવૃત્તિ કરી છે.

શ્રીમદ્-ભાગવતની કથાઓમાં ભગવાન્ શ્રીકૃષ્ણની જ લીલાઓ છે. ભગવાન્ શ્રીકૃષ્ણે જુદાજુદા સ્વરૂપે અને જુદા જુદા નામે પોતે સઘળી લીલાઓ કરી છે. આ લીલાઓ મુખ્યરીતે સર્ગ, વિસર્ગ વગેરે નામથી ઓળખાતી મુખ્ય દશ પ્રકારની છે. ભગવાન્ શ્રીકૃષ્ણ આ નિત્ય દશલીલીઓ સહિત સર્વત્ર-સર્વદા

બીરાજે છે. આરંભના બે સ્કંધની ગૌણ લીલાઓ છે, મુખ્ય લીલામાં ઉપયોગી છે.

આમ, શ્રીમદ્-ભાગવતની સઘળીએ કથાઓ ભગવાન્ શ્રીકૃષ્ણની લીલા હોવાથી આધિદૈવિક છે. આ અર્થ મુખ્ય છે, છતાં "કામ ક્રોધ વગેરે દૈત્યો છે"– આ ઉપનિષદ્વાક્યથી, અનાયાસે જે કથામાં આવાં લક્ષણો મળતાં આવતાં દેખાય, તે આધિદૈવિક કથાઓને તે લક્ષણો પ્રમાણે, આધ્યાત્મિક-અર્થમાં સમજી શકાય છે. દાખલા તરીકે, પૂતનામોક્ષ, એ આધિદૈવિક લીલા છે; અને પૂતનામોક્ષ દ્વારા પ્રભુએ નિજજનોની અવિદ્યા દૂર કરી, તે આધ્યાત્મિક કથા છે. તે માટે બધે એવો આગ્રહ ન રખાય. ભગવાનની લીલા જ મુખ્ય છે. આ કથાનું શબ્દમય સ્વરૂપ અને માત્ર સામાન્ય દૃષ્ટિએ પ્રસંગપણું (ઈતિહાસ તરીકે હોય) તે આધિભૌતિક કથા છે, ભગવાનની આધિદૈવિક લીલારૂપે કથાને સમજવાથી પ્રભુમાં પ્રીતિ થાય, તેથી કૃતાર્થ થવાય.

શ્રીમદ્-ભાગવત શ્રીગોવર્ધનનાથજી (શ્રીકૃષ્ણ)નું નામાત્મક સ્વરૂપ છે. ભગવાન બાર અંગવાળા છે. શ્રીમદ્-ભાગવત બાર સ્કંધવાળું છે. તેમાં ભગવલ્લીલા અને શ્રી-અંગનો સંબંધ શ્રીમહાપ્રભુજી દર્શાવે છે.

પ્રથમસ્કંધ	જમણો ચરણકમલ	અધિકાર-લીલા
દ્વિતીયસ્કંધ	ડાબો ચરણકમલ	સાધન-લીલા
તૃતીયસ્કંધ	જમણો બાહુ	સર્ગલીલા
ચતુર્થસ્કંધ	ડાબો બાહુ	વિસર્ગ-લીલા
પંચમસ્કંધ	જમણો ઉરુ	સ્થાનલીલા
ષષ્ઠસ્કંધ	ડાબો ઉરુ	પોષણલીલા
સપ્તમસ્કંધ	જમણો કર	ઊતિલીલા
અષ્ટમસ્કંધ	જમણો સ્તન	મન્વન્તરલીલા
નવમસ્કંધ	ડાબો સ્તન	ઈશાનુકથાલીલા
દશમસ્કંધ	હૃદય	નિરોધલીલા
એકાદશસ્કંધ	મસ્તક	મુક્તિલીલા
દ્વાદશસ્કંધ	ડાબો કર (ઊંચો કરેલો)	આશ્રયલીલા

શ્રીમદ્-ભાગવતમાંની પ્રત્યેક લીલાઓ પરસ્પર સંબંધિત છે. પ્રત્યેક સ્કન્ધનો એકબીજા સાથે કારણ અને કાર્યભાવથી સંબંધ છે.

પ્રત્યેક લીલાઓનો વિચાર કરતાં પણ સંબંધ સ્પષ્ટ સમજાય તેમ છે. પ્રથમસ્કંધમાં અધિકારલીલા અધિકાર દે છે. અધિકાર-સત્તા, સ્થાન વગેરે જો બાહ્ય હોય તો બાધક બને-દોષ લાવે. અહીં આંતર અધિકાર છે. ભગવદિચ્છાનુસાર તે મળે છે. અંતઃકરણની સ્થિતિ અધિકાર ઓળખાવે છે. અંતઃકરણનો અધિકાર શાસ્ત્રમાં મુખ્ય ગણાવેલો છે. તેને પાત્રતા કે યોગ્યતા પણ ગણી શકાય. તે ફલ-પ્રાપ્તિમાં સહાયરૂપ બને છે. અધિકારીને માટેનાં કર્તવ્યનિર્ધારરૂપ-શ્રવણ-સાધનનું વર્ણન બીજા સ્કંધમાં છે. શાસ્ત્રાર્થપૂર્વક ભગવત્પ્રતિપાદન પણ બીજા સ્કંધમાં છે. અધિકાર અને સાધન-લાભ પછી કાર્યક્ષેત્રમાં કાર્યનો આરંભ થાય; તેથી તૃતીયસ્કંધમાં સર્જન રૂપ સર્ગલીલા છે. ભૂત-માત્રા

ઈન્દ્રિય-બુદ્ધિ વગેરે રૂપે થઈ, અશરીર (અપ્રાકૃત) ભગવાનનો પુરુષ-શરીર-સ્વીકાર તે સર્ગલીલા છે. બ્રહ્મમાં ગુણોના વૈષમ્યથી અને ક્વચિત્ અવૈષમ્યથી આ સંભવે છે. પુરુષમાંથી બ્રહ્માદિની ઉત્પત્તિ વિસર્ગ લીલા છે. આ પુરુષ-સંબંધી પુરુષાર્થોને વ્યક્ત કરતી, ભગવાનના માહાત્મ્યને જણાવતી લીલા ચોથા સ્કંધમાં છે. પુરુષરૂપમાંથી ઉત્પન્ન થયેલાઓનું યોગ્ય મર્યાદાથી પાલન એ સ્થિતિલીલા છે. પદાર્થ-માત્રને સ્વાધીન કરી, યોગ્ય મર્યાદામાં સ્થાપવાની લીલા પંચમસ્કંધમાં છે. યોગ્ય મર્યાદામાં સ્થિત થયેલાઓની અભિવૃદ્ધિ પોષણલીલા છે. તે પુષ્ટિ-અનુગ્રહ-ને સામાન્યરીતે સમજાવે છે. કાલાદિનો બાધ કરનાર, ભગવાનના પરાક્રમરૂપ, અનુગ્રહના નામે ઓળખાતો, ભગવાનનો ધર્મ પુષ્ટિ છે. તે છઠ્ઠાસ્કંધમાં છે. પુષ્ટ થયેલાઓનો આચાર ઊતિલાલી છે. તે કર્મવાસનારૂપ છે. સાતમા સ્કંધમાં તેની કથા છે. વાસનાવિજય કરાવતો સદાચાર

તે મન્વન્તરલીલા છે. તે સદ્ધર્મરૂપ છે. આઠમા સ્કંધમાં તેની કથા છે. સદાચારરૂપ સદ્ધર્મનું ફલ ભગવાનની ભક્તિ છે. નવમ સ્કંધમાં ઈશાનુકથા-લીલા ભક્તિનું નિરૂપણ કરે છે. ભક્તિપૂર્ણ ભક્તો વિશ્વના વિસ્મરણપૂર્વક ભગવાનમાં આસક્ત થાય, તે નિરોધલીલા દશમસ્કન્ધમાં છે. પ્રપંચ (વિશ્વ રૂપે વિસ્તાર)થી પર થયેલા, નિરુદ્ધ-ભક્તોને સ્વરૂપલાભ તે મુક્તિલીલા અગિયારમા સ્કંધમાં છે. મુક્ત થયેલા ભક્તોનું બ્રહ્મસ્વરૂપે અવસ્થાન તે આશ્રયલીલા છે. બારમા સ્કંધમાં આશ્રય છે. આશ્રયથી કૃતાર્થતા સિદ્ધ થઈ જાય છે.

શ્રીમદ્-ભાગવત ભગવદ્રૂપ છે. તેના સેવને સ્વયં ભગવાન્ મળે, ભગવાનમાં પ્રીતિ થાય, કૃતાર્થ થવાય. ભગવાનમાં પ્રીતિરૂપ ભક્તિથી ભગવદીયતા મળે. ભગવદીયતાથી સર્વપુરુષાર્થો સફલ થઈ જાય.

ભગવાનને લીલા કરવાની ઈચ્છા થઈ, પોતે આપણા મનથી કલ્પના પણ ન કરી શકાય તેવું, આ

વિશ્વ રચ્યું, વિશ્વરૂપ થયા. તેમાં મરજી મુજબ જીવનારા, શાસ્ત્રાનુકૂલ જીવનારા અને ભગવાનને સાનુકૂલ જીવનારા લોકો (જીવો) પ્રકટ કર્યા. શાસ્ત્રમાં તે પ્રવાહ-મર્યાદા-પુષ્ટિ-સૃષ્ટિ રૂપે પ્રસિદ્ધ છે. સર્વત્ર ભટકતા, એશારામી, ઈન્દ્રિયારામ-લોકો ચર્ષણી કહેવાય છે. સૌને યોગ્ય ફલ મળે, પુરુષાર્થ પ્રાપ્ત થાય, માટે ભગવાને પોતાના નિઃશ્વાસમાંથી વેદ પ્રકટ કર્યો. કલિયુગમાં સામાન્ય બુદ્ધિવાળાનું પણ કલ્યાણ પ્રભુએ વિચાર્યું. પોતાની જ્ઞાનકલાને અવતાર દીધો. તે થયા મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસજી. વેદના વિભાગ તેમણે પ્રસિદ્ધ કર્યા. મહાભારતમાં પણ વેદાર્થ કહ્યો. વેદમાં અધિકાર વગરનાં સ્ત્રી-શૂદ્ર વગેરેનું પણ તેમાં કલ્યાણ વિચાર્યું.

આ સાચી સમાજસેવાથી પણ સત્પુરુષને સંતોષ ન થયો. મનમાં કાંઈક ખૂટતું લાગતું હતું. ભગવાને કૃપા કરી. ભક્ત નારદજી દ્વારા સમાધિ કરવાનો,

લીલા-સ્મરણનો, પ્રાદેશ દીધો. તે સાથે નારદજીએ પોતાના પૂર્વજન્મની કથા વ્યાસજીને કહી. દાસીના પોતે દીકરા. સેવા-સત્સંગ અને ભગવાનના ગુણગાનના પ્રભાવે બ્રહ્માના પુત્ર થયા, પ્રભુને પ્રિય થયા. આમ, ભક્તિ દે તેવાં દર્શન માટે સમાધિ કરવા વ્યાસજીને સમજાવ્યા, વિશ્વાસ દઢ કર્યો.

સમાધિમાં વ્યાસે પૂર્ણપુરુષ-ભગવાન્, ભગવાનના આશ્રયવાળી માયા, ભગવાનના અંશ-રૂપ જીવને માયાથી થતો અનર્થ જોયો. તેમાંથી છૂટવાના ઉપાય રૂપે મર્યાદા અને પુષ્ટિભક્તિ જોયાં. ભગવાનની લીલાનાં દર્શન કર્યાં. તેને રજુ કરવાના શબ્દો પણ સ્ફુર્યા-જોયા. કલિયુગમાં સૌનું કલ્યાણ કરવાની મંગલભાવનાથી, સરલ ઉપાય રૂપે આ "સાત્વત-સંહિતા"-વૈષ્ણવવેદ-શ્રીમદ્ભાગવત પ્રકટ કર્યું. ભગવાન્ કૃષ્ણની તેમાં લીલાઓ અનુક્રમ કરીને ગાઈ છે. લીલા સમજાય તો ભગવાનમાં ભક્તિ થાય.

અનાયાસે હર્ષથી થતી (નિર્દોષ ભગવાનની) ચેષ્ટા લીલા છે. શ્રીશુકદેવજી જેવા વિરક્ત જ્ઞાની પણ, લીલાથી મન પકડાઈ જતાં, આદરપૂર્વક શ્રીભાગવત ભણ્યા છે, ચિત્ત ભગવાનની લીલામાં આસક્ત થઈ ગયું છે.

ભગવાનનો મહિમા સ્પષ્ટ સમજાય તેવી, પાંડવો પરની કૃપાની, કથાથી તેનો પ્રારંભ છે. મહાભારતના યુદ્ધમાં પાંડવો વિજયી થયા. તેમાં પ્રભાવ કૃષ્ણની કૃપાનો. દુર્યોધન રણમાં રોળાયો. દ્રોણપુત્ર અશ્વત્થામાએ તેનું પ્રિય કરવા ઈચ્છ્યું. દ્રૌપદીના નાનકડા પાંચ દીકરાને સૂતેલા માર્યા. અર્જુન વૈર લેવા ગયા, અધૂરા અશ્વત્થામાએ મૂકેલા બ્રહ્માસ્ત્રને ઓળખ્યું નહિ. દુઃખસમયે કૃષ્ણને શરણે ગયા, રક્ષા થઈ. કૃષ્ણના શરણે જાય તેને શાંતિ મળે, રક્ષા થાય. અશ્વત્થામાને પકડી શિબિરમાં લાવ્યા. ભક્ત દ્રૌપદીજીએ તેમને ગુરુપુત્ર ગણ્યા, છોડવા કહ્યું. વેદરૂપ ભીમે મારવા

કહ્યું. ભગવાને સમાધાન કર્યું. માથાનો મણિ અર્જુન પાસે લેવડાવીને કાઢી મૂકાવ્યા. ભક્ત અર્જુનની પ્રતિજ્ઞા પૂરી કરાવી. બ્રાહ્મણવધના દોષમાંથી પણ બચાવ્યા. અપમાનિત થયો અશ્વત્થામા. તેણે પાછુંવાળી ન શકાય તેવું બ્રહ્માસ્ત્ર ગર્ભ પર મૂક્યું. પાંડવનો વંશ ન રહે તેમ ઈચ્છ્યું. દુઃખી ઉત્તરા દોડ્યાં. શરણે કૃષ્ણને ગયાં. કૃપા કૃષ્ણે કરી. કૃષ્ણને શરણે જાય તેને સંકટ ન રહે. રક્ષા ભગવાને સ્નેહથી કરી. શરણાગતનું પાલન તો પ્રભુની પ્રતિજ્ઞા છે. શરણાગતને સર્વભયમાંથી ભગવાન અભય દે છે.

કુંતાજીએ આ કરુણા કૃષ્ણની જોઈ ! દુઃખમાં દયા દીનનાથ કરે છે,- સમજાયું. સુખ-સમયમાં પણ શરણાગતિ કૃષ્ણની કરી. દુઃખ તો કૃષ્ણદર્શન દેનારું! તેથી દુઃખ સતત મળે,- તેમ માગ્યું. સ્વજનને બદલે સ્નેહ પ્રભુમાં પ્રાર્થ્યો. યુધિષ્ઠિરને રાજા થયા, છતાં શોક હતો. પોતાને કારણે કોઈને દુઃખ થાય, તે તો

સાધુપુરુષથી સહન ન થાય. પોતે રાજ્ય માટે સૌને દુઃખી કર્યાં ! આ શોકને શાંત કરવા, ધર્મજ્ઞાન માટે, ભીષ્મદાદા પાસે પ્રભુ સૌને લાવ્યા. સમાધાન કર્યું. મોક્ષ માટે દાદા ભીષ્મે ભગવાન્ કૃષ્ણને ત્યાં આત્મનિવેદન કર્યું,- સર્વભાવે શરણાગતિ કરી. સઘળાધર્મનો સાર,- ધર્મજ્ઞ દાદા સમજ્યા,- "સ્નેહથી સમજીને કૃષ્ણની શરણાગતિ"! અપરાધી ભીષ્મને મુક્તિ કૃષ્ણે દીધી.

મા ઉત્તરાએ દુઃખમાં કરેલી શરણાગતિ ફળી ગર્ભમાં રહેલા બાલક પરીક્ષિતને પણ ! જન્મતાં પહેલાં તો તેમણે સાક્ષાત્ ભગવાનનાં દર્શન કર્યાં ! - માના ઉદરમાં! ઋષિ-મુનિને પણ તે તો સુદુર્લભ ! સાચી શરણાગતિ અને કૃષ્ણકૃપાનો આ પ્રભાવ છે, સ્વભાવ છે. આવા ભક્તની મુક્તિમાં વિઘ્ન ન થાય તે માટે તો, ઢોંગી ધૃતરાષ્ટ્રનો પણ ઉદ્ધાર ભગવાને ભક્ત વિદુરજીને મોકલીને કર્યો. તે પછી અર્જુન દ્વારા કૃષ્ણના સ્વધામ

પધાર્યાના સમાચાર મળ્યા, ભક્ત પાંડવો પ્રભુ વિના રાજ્યને શું કરે? વિદાય થયા. પરીક્ષિત રાજા થયા. તેમણે અધર્મને અટકાવ્યો. ધર્મને સ્થિર કર્યો. ચાર ધર્મનાં ચરણ. (૧) તપઃ (કલ્યાણપ્રવૃત્તિ અને સદ્વિચાર), (૨) શૌચ (તન-મનની પવિત્રતા), (૩) દયા (પ્રાણીમાત્રની કલ્યાણ-ભાવના), અને (૪) સત્ય (વાણી-વિચાર-વર્તનનું). લોકના આચરણમાં તેને સ્થાન દીધું. ગાય રૂપ પૃથ્વી અને બળદરૂપ ધર્મને અભય દીધું. કલહ રૂપ કલિને પણ સ્થાન દીધાં,– ૧. દ્યુત (હારજીતની રમતો), ૨. મદ્ય (કેફી પીણાં), ૩. (પતિ અને પ્રભુમાં પરાયણ ન હોય તેવાં સામાન્ય) સ્ત્રીઓ, ૪. હિંસા (કોઈને કોઈ પણ રીતે પીડવું તે), ૫. સોનું (અયોગ્ય રીતે મેળવ્યું હોય તે.) આ પાંચના સેવને જીવન વન જેવું વિકટ લાગે, નિકટ હોવા છતાં પ્રભુનો અનુભવ ન થાય, સુખ-શાંતિ સ્વપ્ન જેવાં બને. આ પાંચેથી દૂર રહેવું.

શિકારે ગયેલા ભક્ત રાજાએ ઋષિનો અપરાધ

(અ.૧૧ થી ૧૫)- પ્રકરણો છે.

અષ્ટમ સ્કન્ધમાં, ભગવાન્ હરિએ શરણાગત નિઃસાધન ગજેન્દ્રનો પણ ઉદ્ધાર કર્યો. શરણાગત દેવો પાસે સમુદ્ર-મથન કરાવ્યું, ધન્વન્તરિ રૂપે અમૃત દીધું, મોહિની-નારાયણ રૂપે શરણાગત દેવોને પાન કરાવ્યું, ભાન દૈત્યોનું ભૂલાવ્યું, મોહ કરાવ્યો. પ્રભુના શરણે જાય તે સર્વત્ર સફલ થાય. શૂક્રાચાર્યના પ્રભાવથી સમર્થ થયેલા ભક્ત બલિ પર કૃપા કરી, મા-દેવ વગેરે શરણાગતોનું શ્રેયઃ સાધ્યું. વામનજી (ઉપેન્દ્ર) રૂપે પ્રભુ પ્રકટ્યા, બલિના આત્મનિવેદનો અંગીકાર કર્યો. "સર્વ પ્રભુનું છે",- તેમ સમજીને, સઘળું દીનતાપૂર્વક ભગવાનને સમર્પણ કરી દે, તેને શું બાકી રહે ? પ્રભુ પણ તેના બનીને રહે. બલિ સાથે સુતલમાં વામનજી પધાર્યા. ભગવાને મત્સ્યનારાયણ રૂપે સત્યવ્રત રાજાની રક્ષા કરી. સત્ય અને વ્રતમાં રત રહેનાર જ સાચો શરણાગત થઈ શકે. પ્રભુ પ્રલયમાં પણ તેને રક્ષે છે.

આઠમા સ્કન્ધમાં, (આપત્તિમાં) હરિ-સંસ્મરણ (અ.૧ થી ૪), (સંપત્તિમાં) દાન (દાતા) (અ.૫ થી ૧૪), સ્વોક્તનિર્વાહ (અ.૧૫ થી ૨૩) અને મત્સ્યચરિત (અ.૨૪)- પ્રકરણો છે.

નવમ સ્કંધમાં, સૂર્યવંશમાં ભગવાન્ રામચંદ્રજી રૂપે પ્રકટ્યા. લોકોને ધર્માનુકૂલ જીવન પોતે આચરીને ઉપદેશ્યું. મર્યાદા-પુરુષોત્તમ છે ને ! છતાં શરણાગતો પર વિશેષ કૃપા કરી. મર્યાદાનું ઉલ્લંઘન કરતાં, પુષ્ટિકાર્યો પણ કર્યાં. શરણાગતો માટે તો ભગવાન્ મર્યાદા પણ મૂકે છે. ચંદ્રવંશમાં ભગવાન્ પરશુરામ થયા. સત્તા અને સંપત્તિથી ઉદ્ધત થયેલા ક્ષત્રિયોને શિક્ષા દીધી. જ્ઞાનમૂર્તિ વિપ્રોનું ગૌરવ વધાર્યું. ચન્દ્રવંશ-શિરોમણિ થયા ભગવાન્ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ. પ્રેમકુંજ અને પ્રભાવપુંજ પ્રકટ કર્યા. વગર સાધને સૌનો ઉદ્ધાર કરવા શરણાગતવત્સલ પૂર્ણાનંદ પોતે પ્રકટ થયા. પૃથ્વીનો ભાર ઉતાર્યો. નવમા સ્કન્ધમાં, સૂર્યવંશમાં ચન્દ્રવંશનો

ઉપક્રમ (અ.૧), સૂર્યવંશ (અ.૨ થી ૧૩), ચન્દ્રવંશ (અ.૧૪ થી ૨૪)- પ્રકરણો છે.

દશમસ્કન્ધમાં તો વિસ્તારથી કૃષ્ણલીલા ગાઈ છે તે ખૂબ પ્રસિદ્ધ છે. સર્વતંત્ર-સ્વતંત્ર ભગવાન્ પણ પ્રેમ-પરતંત્ર બનીને વ્રજમાં પ્રકટ થયા. વિવિધલીલાઓ શરણાગતોને સત્ફલ દઈને સફલ કરવા માટે કરી. ફલ રૂપ તો પોતે જ છે ! લીલા પણ ફલ રૂપા ! આ ફલરૂપ સ્વરૂપનું પ્રાકટ્ય અને ભક્તાનુરૂપ લીલાઓ પણ ભક્ત-મનોનિરોધમાં સાધન બનાવ્યાં છે ! આ કથા પણ ફલ રૂપા ! પૂર્વાર્ધમાં માધુર્ય વિશેષ પ્રકટ છે, ભગવાન્ ભક્તવશ છે. ઉત્તરાર્ધમાં ઐશ્વર્ય વિશેષ પ્રકટ છે. ભક્તો ભગવદ્વશ છે.

પૂર્વાર્ધમાં લોક-વેદાતીત-પુરુષોત્તમની લીલાઓ છે. ઉત્તરાર્ધમાં લોકવેદ-પ્રસિદ્ધ-પુરુષોત્તમની લીલાઓ છે. કલ્યાણકલ્પતરુ-કૃપાનિકેતન-કલાનિધિ કૃષ્ણ કૃતાર્થ કોને ન કરે ?

પુરુષોત્તમ તો એક જ છે, તે પોતાની જુદીં જુદી લીલાઓ દ્વારા જુદો જુદો અનુભવ કરાવે છે. ભગવાન્ પ્રાયઃ લોક-વેદ-મર્યાદા અને સ્વમર્યાદાનું પાલન કરીને લીલા કરે તે મર્યાદા-પુરુષોત્તમ, છતાં તે આવી મર્યાદાઓનું ઉલ્લંઘન ક્વચિત્ કરે પણ ખરા ! સર્વતંત્ર-સ્વતંત્ર છે ને ! ભગવાન્ પોતાનું સર્વ સામર્થ્ય અને પોતાની સર્વજ્ઞતાને લીલાનુરૂપ પ્રકટ કરીને લોકવેદ-મર્યાદા પાળે કે ન પણ પાળે, પ્રાયઃ સ્વરૂપ-મર્યાદા સંભાળે, ત્યાં લોક-વેદ-પ્રસિદ્ધ પુરુષોત્તમ કહેવાય. સ્વજનો માટે, ભગવાન્ લોક-વેદ-મર્યાદા તો ઠીક, સ્વરૂપ-મર્યાદાનું પણ લીલાનુરૂપ ઉલ્લંઘન કરે, સ્વ-સ્વરૂપબલથી સ્વપ્રાપ્તિ સ્વજનોને કરાવે, બધી મર્યાદાઓને મધુરતામાં મગ્ન કરી દે, તે લોક-વેદાતીત-(પુષ્ટિ) પુરુષોત્તમ !

વેદના પૂર્વકાંડમાં કહેલા ક્રિયાશક્તિ-વિશિષ્ટ ભગવાન્ યજ્ઞ છે. વેદના ઉત્તરકાંડમાં કહેલા

જ્ઞાનશક્તિ-વિશિષ્ટ ભગવાન્ બ્રહ્મ છે. શ્રીભાગવતમાં તો સંપૂર્ણ ક્રિયાશક્તિ અને સંપૂર્ણ જ્ઞાનશક્તિ પ્રકટ કરીને ક્રીડા કરતા સ્વયં ભગવાન્ શ્રીકૃષ્ણ છે. શ્રુતિમાં જેને બ્રહ્મ કહે છે, ગીતામાં જેને પરમાત્મા (પુરુષોત્તમ) કહે છે, બ્રહ્મસૂત્રોમાં જેને આનંદમય કહે છે, શ્રીભાગવતમાં તેને સ્વયં ભગવાન્ કહે છે. આ બધા શબ્દો જુદા છે, અર્થતઃ તત્ત્વ-સ્વરૂપ તો એક જ છે. સર્વનું મૂલરૂપ છે,- પરબ્રહ્મ-પરમાત્મા (પુરુષોત્તમ) - પૂર્ણાનન્દ-ભગવાન્-શ્રીકૃષ્ણ! ભગવાને પોતાનું પરમ સૌન્દર્ય પ્રકટ કર્યું. પ્રભુને પોતાને પણ પરમાશ્ચર્ય થાય તેવું તે સૌન્દર્ય ! બધાં આભૂષણોના પણ આભૂષણ રૂપ આ સ્વરૂપ છે. આ ભગવાન્ આભૂષણોથી શોભતા નથી, બધાં આભૂષણો ભગવાનના સ્વરૂપથી શોભે છે. આંખથી તે સૌના અંતરને આકર્ષે છે. અનાયાસે હર્ષથી થતી ચેષ્ટા લીલા છે. લીલા પણ ભગવાન્ ભક્તાનુકૂલ કરે છે. અનુકૂલતાથી સૌને

આનંદ થાય- આકર્ષાય; અન્યત્ર આથડતાં અટકે, પછી ક્યાંય ન ભટકે, ભગવાનમાં જ તે અટકે. નિરોધ તેને કહેવાય. ૧. ભગવાનની પોતાની અચિન્ત્ય શક્તિયો સાથેની વિશ્વમાં લીલા, ૨. ભક્તોની પ્રપંચ-વિસ્મૃતિ-પૂર્વક ભગવાનમાં આસક્તિ, ૩. ભક્તોમાં પ્રપંચનો અભાવ (અલૌકિક-દેહ-પ્રાપ્તિ)- ત્રણેને નિરોધ કહેવાય છે. આ નિરોધમાં તો ફલાત્મક ભગવાનનું સ્વરૂપ પણ સાધન છે ! ભગવાનની ફલાત્મિકા લીલાઓ પણ સાધન છે ! ભગવાનમાં આસક્તિ દ્વાર (માધ્યમ) છે ! ભક્તોને અલૌકિક દેહાદિની પ્રાપ્તિ ફલ છે ! ભગવાન્ વિશ્વમાં પ્રકટ થઈને, પોતાની અનેક અચિન્ત્ય શક્તિયો સાથે લીલા કરતાં, ભક્તોને સઘળું વિશ્વ વિસરાવી દે તેમ પોતાનામાં આસક્તિ કરાવી, લીલામાં ઉપયોગી અલૌકિક (અપ્રાકૃત) દેહાદિનું સંપાદન કરે છે. આ નિરોધ છે. ફલાત્મક સ્વરૂપને- ફલાત્મિકા લીલાને પણ જેમાં ભગવાન્ સાધન-રૂપ બનાવી દે તે

નિરોધ તો મહાફલ છે. મુક્તિ-આશ્રય તો પૂર્વભાવ-સંપાદન રૂપ છે.

ભક્તોનો આવો નિરોધ પોતાનામાં કરાવવા, ભગવાન્ મથુરામાં પ્રસિદ્ધ રૂપે અને નન્દાલયમાં ગુપ્તરીતે પ્રકટ થયા છે. મથુરામાં મહિમા બતાવ્યો. મા-બાપે (દેવકી-વસુદેવજીએ) સ્તુતિ કરી. પ્રભુ સૌને સૌની પ્રકૃતિ પ્રમાણે ગ્રહણ થાય તેવા બાલક રૂપે થયા. વસુદેવજીને પ્રેરીને બાલક-રૂપે રાત્રે ગોકુલમાં પધાર્યા. ગોકુલમાં તો તે પિતાના પુત્ર થયા ! બીજે દિવસે પોતાના પનોતા પુત્રના જન્મનો મહોત્સવ નન્દજીએ મનાવ્યો. પ્રગાઢ પ્રેમમાં, સઘળું વિસરાવી દેતો આહ્લાદ ઉત્સવ છે. રાસ ઉત્સવ ખરો, પણ સૌને તેમાં પ્રવેશ-અધિકાર નહિ ! અહીં તો બુધ-અબુધ-વિબુધ, સ્ત્રી-પુરુષ, બાલક-યુવક-વૃદ્ધ, સૌ સાથે નાચે-કૂદે-ગાય-ખાય-રંગાઈ જાય, દેહ-દુનીઆ સૌને વિસરાઈ જાય, પ્રેમમગ્ન અને આનંદલગ્ન સૌ થઈ જાય, તેવો

મહોત્સવ છે. કૃષ્ણનો નહિ,- નન્દનો ! નન્દમહોત્સવ છે ને ! જન્મ કૃષ્ણનો, મહોત્સવ તો નન્દજીનો ! વિશ્વ કૃષ્ણનું, પણ વ્રજ તો નન્દનું ! વિશ્વ કૃષ્ણનું, પણ ઘર તો નન્દનું !- નન્દાલય છે ને !

વ્રજમાં તો ભગવાને વૈકુંઠ પ્રકટ કરી દીધું, છતાં વૈકુંઠ કરતાં પણ વિશેષતા તો વ્રજમાં પ્રકટ કરી ! વૈકુંઠમાં વૈભવ વિપુલ છે, પરંતુ ભગવાનનાં ચરણચિહ્નોનો વૈભવ તો વ્રજભૂમિને જ મળે છે ! વૈકુંઠમાં પ્રભુ પાલક છે. વ્રજમાં તો તે બાલક છે ! વૈકુંઠમાં ભગવાન્ સર્વસમર્થ-સર્વજ્ઞ સ્વામી છે, વ્રજમાં તો તે તેમ છતાં સ્નિગ્ધ-મુગ્ધ સ્વજન છે ! વૈકુંઠમાં પ્રભુ ચતુર્ભુજ છે, વ્રજમાં તો તે દ્વિભુજ છે ! વૈકુંઠમાં એક લક્ષ્મીજી પતિરૂપ ભગવાનની સેવા કરે છે, વ્રજમાં તો હજારો વ્રજલક્ષ્મીજીઓ પોતાના પ્રિયતમની સેવા કરે છે ! વૈકુંઠમાં લક્ષ્મીજી મહારાણીજી-રૂપે હિંચકે ઝૂલતાં પ્રિયકર્મ ગાયે છે, વ્રજમાં તો તે માલણ-રૂપે

(અ.૧૧ થી ૧૫)- પ્રકરણો છે.

અષ્ટમ સ્કન્ધમાં, ભગવાન્ હરિએ શરણાગત નિઃસાધન ગજેન્દ્રનો પણ ઉદ્ધાર કર્યો. શરણાગત દેવો પાસે સમુદ્ર-મથન કરાવ્યું, ધન્વન્તરિ રૂપે અમૃત દીધું, મોહિની-નારાયણ રૂપે શરણાગત દેવોને પાન કરાવ્યું, ભાન દૈત્યોનું ભૂલાવ્યું, મોહ કરાવ્યો. પ્રભુના શરણે જાય તે સર્વત્ર સફલ થાય. શૂક્રાચાર્યના પ્રભાવથી સમર્થ થયેલા ભક્ત બલિ પર કૃપા કરી, મા-દેવ વગેરે શરંણાગતોનું શ્રેયઃ સાધ્યું. વામનજી (ઉપેન્દ્ર) રૂપે પ્રભુ પ્રકટ્યા, બલિના આત્મનિવેદનો અંગીકાર કર્યો. "સર્વ પ્રભુનું છે",- તેમ સમજીને, સઘળું દીનતાપૂર્વક ભગવાનને સમર્પણ કરી દે, તેને શું બાકી રહે ? પ્રભુ પણ તેના બનીને રહે. બલિ સાથે સુતલમાં વામનજી પધાર્યા. ભગવાને મત્સ્યનારાયણ રૂપે સત્યવ્રત રાજાની રક્ષા કરી. સત્ય અને વ્રતમાં રત રહેનાર જ સાચો શરણાગત થઈ શકે. પ્રભુ પ્રલયમાં પણ તેને રક્ષે છે.

આઠમા સ્કન્ધમાં, (આપત્તિમાં) હરિ-સંસ્મરણ (અ.૧ થી ૪), (સંપત્તિમાં) દાન (દાતા) (અ.૫ થી ૧૪), સ્વોક્તનિર્વાહ (અ.૧૫ થી ૨૩) અને મત્સ્યચરિત (અ.૨૪)- પ્રકરણો છે.

નવમ સ્કંધમાં, સૂર્યવંશમાં ભગવાન્ રામચંદ્રજી રૂપે પ્રકટ્યા. લોકોને ધર્માનુકૂલ જીવન પોતે આચરીને ઉપદેશ્યું. મર્યાદા-પુરુષોત્તમ છે ને ! છતાં શરણાગતો પર વિશેષ કૃપા કરી. મર્યાદાનું ઉલ્લંઘન કરતાં, પુષ્ટિ-કાર્યો પણ કર્યાં. શરણાગતો માટે તો ભગવાન્ મર્યાદા પણ મૂકે છે. ચંદ્રવંશમાં ભગવાન્ પરશુરામ થયા. સત્તા અને સંપત્તિથી ઉદ્ધત થયેલા ક્ષત્રિયોને શિક્ષા દીધી. જ્ઞાનમૂર્તિ વિપ્રોનું ગૌરવ વધાર્યું. ચન્દ્રવંશ-શિરોમણિ થયા ભગવાન્ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ. પ્રેમકુંજ અને પ્રભાવપુંજ પ્રકટ કર્યાં. વગર સાધને સૌનો ઉદ્ધાર કરવા શરણાગતવત્સલ પૂર્ણાનંદ પોતે પ્રકટ થયા. પૃથ્વીનો ભાર ઉતાર્યો. નવમા સ્કન્ધમાં, સૂર્યવંશમાં ચન્દ્રવંશનો ઉપક્રમ (અ.૧), સૂર્યવંશ (અ.૨ થી ૧૩), ચન્દ્રવંશ (અ.૧૪ થી ૨૪)- પ્રકરણો છે.

દશમસ્કન્ધમાં તો વિસ્તારથી કૃષ્ણલીલા ગાઈ છે તે ખૂબ પ્રસિદ્ધ છે. સર્વતંત્ર-સ્વતંત્ર ભગવાન્ પણ પ્રેમ-પરતંત્ર બનીને વ્રજમાં પ્રકટ થયા. વિવિધલીલાઓ શરણાગતોને સત્ફલ દઈને સફલ કરવા માટે કરી. ફલ રૂપ તો પોતે જ છે ! લીલા પણ ફલ રૂપા ! આ ફલરૂપ સ્વરૂપનું પ્રાકટ્ય અને ભક્તાનુરૂપ લીલાઓ પણ ભક્ત-મનોનિરોધમાં સાધન બનાવ્યાં છે ! આ કથા પણ ફલ રૂપા ! પૂર્વાર્ધમાં માધુર્ય વિશેષ પ્રકટ છે, ભગવાન્ ભક્તવશ છે. ઉત્તરાર્ધમાં ઐશ્વર્ય વિશેષ પ્રકટ છે. ભક્તો ભગવદ્વશ છે.

પૂર્વાર્ધમાં લોક-વેદાતીત-પુરુષોત્તમની લીલાઓ છે. ઉત્તરાર્ધમાં લોકવેદ-પ્રસિદ્ધ-પુરુષોત્તમની લીલાઓ છે. કલ્યાણકલ્પતરુ-કૃપાનિકેતન-કલાનિધિ કૃષ્ણ કૃતાર્થ કોને ન કરે ?

પુરુષોત્તમ તો એક જ છે, તે પોતાની જુદી જુદી લીલાઓ દ્વારા જુદો જુદો અનુભવ કરાવે છે. ભગવાન્ પ્રાયઃ લોક-વેદ-મર્યાદા અને સ્વમર્યાદાનું પાલન કરીને લીલા કરે તે મર્યાદા-પુરુષોત્તમ, છતાં તે આવી મર્યાદાઓનું ઉલ્લંઘન ક્વચિત્ કરે પણ ખરા ! સર્વતંત્ર-સ્વતંત્ર છે ને ! ભગવાન્ પોતાનું સર્વ સામર્થ્ય અને પોતાની સર્વજ્ઞતાને લીલાનુરૂપ પ્રકટ કરીને લોકવેદ-મર્યાદા પાળે કે ન પણ પાળે, પ્રાયઃ સ્વરૂપ-મર્યાદા સંભાળે, ત્યાં લોક-વેદ-પ્રસિદ્ધ પુરુષોત્તમ કહેવાય. સ્વજનો માટે, ભગવાન્ લોક-વેદ-મર્યાદા તો ઠીક, સ્વરૂપ-મર્યાદાનું પણ લીલાનુરૂપ ઉલ્લંઘન કરે, સ્વ-સ્વરૂપબલથી સ્વપ્રાપ્તિ સ્વજનોને કરાવે, બધી મર્યાદાઓને મધુરતામાં મગ્ન કરી દે, તે લોક-વેદાતીત-(પુષ્ટિ) પુરુષોત્તમ !

વેદના પૂર્વકાંડમાં કહેલા ક્રિયાશક્તિ-વિશિષ્ટ ભગવાન્ યજ્ઞ છે. વેદના ઉત્તરકાંડમાં કહેલા

જ્ઞાનશક્તિ-વિશિષ્ટ ભગવાન્ બ્રહ્મ છે. શ્રીભાગવતમાં તો સંપૂર્ણ ક્રિયાશક્તિ અને સંપૂર્ણ જ્ઞાનશક્તિ પ્રકટ કરીને ક્રીડા કરતા સ્વયં ભગવાન્ શ્રીકૃષ્ણ છે. શ્રુતિમાં જેને બ્રહ્મ કહે છે, ગીતામાં જેને પરમાત્મા (પુરુષોત્તમ) કહે છે, બ્રહ્મસૂત્રોમાં જેને આનંદમય કહે છે, શ્રીભાગવતમાં તેને સ્વયં ભગવાન્ કહે છે. આ બધા શબ્દો જુદા છે, અર્થતઃ તત્ત્વ-સ્વરૂપ તો એક જ છે. સર્વનું મૂલરૂપ છે,- પરબ્રહ્મ-પરમાત્મા (પુરુષોત્તમ) - પૂર્ણાનન્દ-ભગવાન્-શ્રીકૃષ્ણ! ભગવાને પોતાનું પરમ સૌન્દર્ય પ્રકટ કર્યું. પ્રભુને પોતાને પણ પરમાશ્ચર્ય થાય તેવું તે સૌન્દર્ય ! બધાં આભૂષણોના પણ આભૂષણ રૂપ આ સ્વરૂપ છે. આ ભગવાન્ આભૂષણોથી શોભતા નથી, બધાં આભૂષણો ભગવાનના સ્વરૂપથી શોભે છે. આંખથી તે સૌના અંતરને આકર્ષે છે. અનાયાસે હર્ષથી થતી ચેષ્ટા લીલા છે. લીલા પણ ભગવાન્ ભક્તાનુકૂલ કરે છે. અનુકૂલતાથી સૌને

આનંદ થાય- આકર્ષાય; અન્યત્ર આથડતાં અટકે, પછી ક્યાંય ન ભટકે, ભગવાનમાં જ તે અટકે. નિરોધ તેને કહેવાય. ૧. ભગવાનની પોતાની અચિન્ત્ય શક્તિયો સાથેની વિશ્વમાં લીલા, ૨. ભક્તોની પ્રપંચ-વિસ્મૃતિ-પૂર્વક ભગવાનમાં આસક્તિ, ૩. ભક્તોમાં પ્રપંચનો અભાવ (અલૌકિક-દેહ-પ્રાપ્તિ)- ત્રણેને નિરોધ કહેવાય છે. આ નિરોધમાં તો ફલાત્મક ભગવાનનું સ્વરૂપ પણ સાધન છે ! ભગવાનની ફલાત્મિકા લીલાઓ પણ સાધન છે ! ભગવાનમાં આસક્તિ દ્વાર (માધ્યમ) છે ! ભક્તોને અલૌકિક દેહાદિની પ્રાપ્તિ ફલ છે ! ભગવાન્ વિશ્વમાં પ્રકટ થઈને, પોતાની અનેક અચિન્ત્ય શક્તિયો સાથે લીલા કરતાં, ભક્તોને સઘળું વિશ્વ વિસરાવી દે તેમ પોતાનામાં આસક્તિ કરાવી, લીલામાં ઉપયોગી અલૌકિક (અપ્રાકૃત) દેહાદિનું સંપાદન કરે છે. આ નિરોધ છે. ફલાત્મક સ્વરૂપને- ફલાત્મિકા લીલાને પણ જેમાં ભગવાન્ સાધન-રૂપ બનાવી દે તે

નિરોધ તો મહાફલ છે. મુક્તિ-આશ્રય તો પૂર્વભાવ-સંપાદન રૂપ છે.

ભક્તોનો આવો નિરોધ પોતાનામાં કરાવવા, ભગવાન્ મથુરામાં પ્રસિદ્ધ રૂપે અને નન્દાલયમાં ગુપ્તરીતે પ્રકટ થયા છે. મથુરામાં મહિમા બતાવ્યો. મા-બાપે (દેવકી-વસુદેવજીએ) સ્તુતિ કરી. પ્રભુ સૌને સૌની પ્રકૃતિ પ્રમાણે ગ્રહણ થાય તેવા બાલક રૂપે થયા. વસુદેવજીને પ્રેરીને બાલક-રૂપે રાત્રે ગોકુલમાં પધાર્યા. ગોકુલમાં તો તે પિતાના પુત્ર થયા ! બીજે દિવસે પોતાના પનોતા પુત્રના જન્મનો મહોત્સવ નન્દજીએ મનાવ્યો. પ્રગાઢ પ્રેમમાં, સઘળું વિસરાવી દેતો આહ્લાદ ઉત્સવ છે. રાસ ઉત્સવ ખરો, પણ સૌને તેમાં પ્રવેશ-અધિકાર નહિ ! અહીં તો બુધ-અબુધ-વિબુધ, સ્ત્રી-પુરુષ, બાલક-યુવક-વૃદ્ધ, સૌ સાથે નાચે-કૂદે-ગાય-ખાય-રંગાઈ જાય, દેહ-દુનીઆ સૌને વિસરાઈ જાય, પ્રેમમગ્ન અને આનંદલગ્ન સૌ થઈ જાય, તેવો

મહોત્સવ છે. કૃષ્ણનો નહિ,- નન્દનો ! નન્દમહોત્સવ છે ને ! જન્મ કૃષ્ણનો, મહોત્સવ તો નન્દજીનો ! વિશ્વ કૃષ્ણનું, પણ વ્રજ તો નન્દનું ! વિશ્વ કૃષ્ણનું, પણ ઘર તો નન્દનું !- નન્દાલય છે ને !

વ્રજમાં તો ભગવાને વૈકુંઠ પ્રકટ કરી દીધું, છતાં વૈકુંઠ કરતાં પણ વિશેષતા તો વ્રજમાં પ્રકટ કરી ! વૈકુંઠમાં વૈભવ વિપુલ છે, પરંતુ ભગવાનનાં ચરણચિહ્નોનો વૈભવ તો વ્રજભૂમિને જ મળે છે ! વૈકુંઠમાં પ્રભુ પાલક છે. વ્રજમાં તો તે બાલક છે ! વૈકુંઠમાં ભગવાન્ સર્વસમર્થ-સર્વજ્ઞ સ્વામી છે, વ્રજમાં તો તે તેમ છતાં સ્નિગ્ધ-મુગ્ધ સ્વજન છે ! વૈકુંઠમાં પ્રભુ ચતુર્ભુજ છે, વ્રજમાં તો તે દ્વિભુજ છે ! વૈકુંઠમાં એક લક્ષ્મીજી પતિરૂપ ભગવાનની સેવા કરે છે, વ્રજમાં તો હજારો વ્રજલક્ષ્મીજીઓ પોતાના પ્રિયતમની સેવા કરે છે ! વૈકુંઠમાં લક્ષ્મીજી મહારાણીજી-રૂપે હિંચકે ઝૂલતાં પ્રિયકર્મ ગાયે છે, વ્રજમાં તો તે માલણ-રૂપે

ઘર-ઘરમાં પુષ્પ પહોંચાડવાની પરિચર્યા કરે છે ! વૈકુંઠમાં પ્રભુની આજ્ઞા સૌ પાળે છે, વ્રજમાં તો તે ભક્તોની આજ્ઞા પણ પાળે છે ! વૈકુંઠમાં સૌ ભગવાનને અનુકૂલ, વ્રજમાં તો ભગવાન્ સૌને અનુકૂલ ! વૈકુંઠમાં અધિકારીઓને ગણિતાનંદ પણ લેવા જવું પડે, વ્રજમાં તો પોતાના જનોને પૂર્ણાનન્દ પણ પ્રદાન કરતા પ્રભુ પોતે સામે પધાર્યા છે ! વૈકુંઠમાં તો પ્રભુ પોતાના ઘરમાં વિરાજે છે, વ્રજમાં તો તે ભક્તોના ઘરમાં વિલસે છે ! વૈકુંઠમાં સૌ ભગવાનની સેવા કરે છે, વ્રજમાં તો તે ભક્તોની સેવા કરી પણ લે છે ! વૈકુંઠ તો ગુણાતીત (નિર્ગુણ) થતા સાવધ મુનિયોને કૃપાથી દર્શન દે છે, વ્રજ તો ગુણાતીત (નિર્ગુણ) છતાં સગુણ (ભાવવાળા) સ્વજનોને પણ સર્વ-સુખલાભ દે છે !

પૂરા શ્રીભાગવતમાં આનંદરૂપ હરિ ભગવાન્ શ્રીકૃષ્ણની જ સર્વદુઃખ હરતી આનંદરૂપા મુખ્ય દશ લીલાઓ છે,- સર્ગ-વિસર્ગ-સ્થાન-પોષણ-ઊતિ-

મન્વન્તર-ઈશાનુકથા-નિરોધ, મુક્તિ અને આશ્રય ! તે ત્રીજાથી દશમા સ્કન્ધમાં છે. પહેલા બે સ્કન્ધમાં અધિકાર અને સાધન, બંને ભગવાનની લીલા તો છે, પણ તે લીલોપયોગિની છે, તેથી મુખ્યલીલા-સંખ્યામાં અધિકતા કે ન્યૂનતા થતી નથી. આમ, બાર સ્કન્ધ-બાર લીલા-રૂપે, શ્રીમદ્ભાગવત-રૂપે, શબ્દ, અર્થ અને આશયથી, આ દ્વાદશાંગ પુરુષ-પુરુષોત્તમ-શ્રીકૃષ્ણ જ છે. આ તો પુરાણ છતાં પુરાણ-પુરુષ છે ! બીજા સ્કન્ધોમાં અંશ-અંશાંશ-કલા-આવેશ-વિભૂતિ-રૂપે આ કૃષ્ણની જ ક્રીડા-કથા છે, દશમ સ્કન્ધમાં તો તે પુરુષોત્તમ-રૂપે પ્રકટ પ્રકાશે છે. તેમાં, પહેલા ચાર અધ્યાયમાં જન્મ-પ્રકરણ છે. પછીના અઠ્ઠાવીસ અધ્યાયોમાં તામસ-ભાવવાળા ભક્તોને પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ-રૂપે કૃષ્ણ ક્રીડાથી કૃતાર્થ કરે છે. પછીના અઠ્ઠાવીસ અધ્યાયોમાં રાજસભક્તોને સુખ દેતી પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ પ્રકરણ-લીલાઓ છે. પછીના

એકવીશ અધ્યાયોમાં પ્રમેય-સાધન-ફલ રૂપે સાત્ત્વિક ભક્તો સાથે ભગવાનની લીલા છે. સાત્ત્વિકોને પ્રમાણાપેક્ષા ન હોય. પ્રમાણ-પ્રમેય-સાધન-ફલમાં બધે ઐશ્વર્ય-વીર્ય-યશઃ-શ્રી-જ્ઞાન-વૈરાગ્ય એ છ ધર્મ અને ધર્મી ભગવાન્ સાત હોવાથી સાત-સાત અધ્યાયો છે. છેલ્લે, ગુણપ્રકરણમાં છ અધ્યાયો છે. આ કૃષ્ણ બની બેઠેલા કે બનાવાએલા ભગવાન્ નથી, તે તો નિત્યસિદ્ધ સ્વયં ભગવાન્ વિરાજે છે,- તેમ તે સૂચવે છે. આમ, પાંચ પ્રકરણોમાં પાંચ પ્રકારે પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણ લીલા કરે છે.

એકાદશસ્કન્ધમાં, કાલાત્મા ભગવાન્ કૃષ્ણે લીલાઓ કરી. યાદવ-કુલોપસંહાર વિચાર્યો. વસુદેવજીને નારદજી દ્વારા જ્ઞાન દીધું. બ્રહ્મભાવ દેતા ભગવદ્ધર્મો નિમિ-યોગેશ્વર-સંવાદ રૂપે કહ્યા. સાયુજ્ય દેતું-તત્ત્વોનો અતિક્રમ કરાવતું-બ્રહ્મવાદનું જ્ઞાન ભગવાને પ્રિય ઉદ્ધવજીને દીધું. માયિક યાદવકુલનો ઉપસંહાર

કર્યો. પોતાનું પ્રકટ દર્શન દેતું ભુવન-સુંદર, મંગલસ્વરૂપ લોકોને દર્શન દેતું તિરોહિત (અનુભવ દેતું બંધ-અંતર્ધાન) કર્યું. તેની કથા કહી. અગિયારમા સ્કન્ધમાં, જીવમુક્તિ (અ.૧ થી ૨૯) અને બ્રહ્મમુક્તિ (અ.૩૦-૩૧)- પ્રકરણો છે. બ્રહ્મભાવ (અ.૧ થી ૫), સાયુજ્ય (અ.૬ થી ૨૯), અહંતાત્યાગ (અ.૩૦), મમતાત્યાગ (અ.૩૧)- પેટા પ્રકરણો છે.

બારમાસ્કન્ધમાં, કલિયુગના દોષ અને તેમાંથી બચવાના ઉપાયો કહ્યા. પ્રલય-સ્વરૂપ, પરીક્ષિતનું અભય, વેદશાખા-પ્રચાર, માર્કણ્ડેયની ઉપર પ્રભુની કૃપા, સૂર્યવ્યૂહ અને ભાગવતક્રમ કહ્યાં. બારમા સ્કન્ધમાં, શ્રીકૃષ્ણાશ્રય (અ.૧ થી ૩), જગદાશ્રય (અ.૪ થી ૫ા), વેદાશ્રય (અ.૫ા થી ૭), ભક્તિયોગાશ્રય (અ.૮ થી ૧૦) અને શ્રીભાગવતાશ્રય (અ.૧૧ થી ૧૩)- પ્રકરણો છે.

અંતમાં, ભવે ભવે ભગવાનમાં ભક્તિ (સ્નેહ-

સેવા)ની માગણી કરી. કૃપા વિના પ્રભુમાં પ્રીતિ ન થાય. સર્વ સંતાપમાંથી છૂટવાના બે ઉપાય બતાવ્યા,- (૧) ભગવાનનું નામ સંસ્મરણ - દીનભાવે, આતુરતાપૂર્વક, સ્નેહથી ભગવન્નામ-સ્મરણ થાય, સ્વરૂપનું તેમાં અનુસંધાન થાય, તો સર્વપાપો સરલતાથી, સંપૂર્ણ રીતે નષ્ટ થઈ જાય. (૨) પ્રભુને પ્રણામ - શરણાગતિના ભાવે વંદન થાય, તો જીવન સફલ થાય, દુઃખ શાંત થઈ જાય, અંતઃકરણમાં અનાયાસે આહ્લાદ અનુભવાય. હરિ-સર્વ દુઃખ હરે, પરં-સર્વસુખ દે. દુઃખનું દૂર થવું અને સુખનું પ્રાપ્ત થવું, તેમાં સકલ પુરુષાર્થ સમાઈ જાય. ધર્મ અને અર્થ-દુઃખ દૂર થવા રૂપ, કામ અને મોક્ષ-લૌકિક-પારલૌકિક સુખલાભ રૂપ; તેથી બંને નામ સૂચક રીતે અંતે કહ્યાં. શ્રીમદ્ભાગવતથી આ સુલભ બને. પ્રભુને પ્રસન્ન કરવા માટે પ્રેમ સિવાય કોઈ મુખ્ય સાધન નથી. તે પ્રેમનું નિશ્ચિત સાધન છે,- શ્રીમદ્‌ભાગવત ! સંસારમાં વૈરાગ્યપૂર્વક,

શ્રીભાગવતના તાત્પર્યને સમજીને, ભક્તમુખથી એક વખત પણ શ્રવણથી કૃષ્ણમાં પ્રેમ નિશ્ચિત થાય છે. શ્રીભાગવતના અજ્ઞાન કે અન્યથા જ્ઞાનથી ભક્તિ સંભવતી નથી. શ્રીભાગવતના-સેવનથી ભક્તિ વેલની જેમ વધતી રહે છે, તે શીઘ્ર કૃષ્ણફલને પ્રાપ્ત કરાવે છે. આનંદરૂપ હરિની આનંદરૂપા લીલા સર્વદુઃખ હરનારી, સુખરૂપા, સ્વતઃ પુરુષાર્થ-રૂપા છે. શ્રીભાગવત તો શબ્દતઃ અને અર્થતઃ આનંદમય શ્રીકૃષ્ણનું નામાત્મક સ્વરૂપ છે. તેના પાઠથી નિશ્ચિતરૂપે કૃષ્ણ ધારણ થાય છે. અર્થતઃ સમજવાથી, જાણેલા ભગવાન્ ભક્તિનું પ્રદાન કરે છે.

આમ સૌને શરણાગતિ અને સ્નેહનો સરલ સન્માર્ગ દે છે,- શ્રીમદ્-ભાગવત ! કોઈ પણ જીવ, કોઈ પણ પ્રતિકૂલતામાં, ભગવાન કૃષ્ણને શરણે જાય, ભગવાન્ કૃષ્ણ સાથે સ્નેહ કરે, તે વગર સાધને કૃતાર્થ થઈ જાય.

મહર્ષિ વ્યાસજી અને રાજા પરીક્ષિત, બંનેને સંતાપની દશામાં ભાગવતલાભ થયો, સર્વતાપ ગયા. જ્ઞાની-વિજ્ઞાની કે અજ્ઞાની પણ પોતાનાં સર્વ દુઃખ દૂર કરીને, સુખ મેળવી શકે છે,- શ્રીમદ્-ભાગવત દ્વારા! કલિયુગમાં સૌના કલ્યાણ માટે, ભગવાન્ કૃષ્ણ જ આ શ્રીમદ્-ભાગવત રૂપે પ્રકટ થઈને, સૌની વચમાં વિરાજે છે. સ્વયં ભગવાને કરેલા કલ્યાણના ઉપાય કરતાં, વધારે સરલ ઉપાય કયો હોઈ શકે ? કર્મ-જ્ઞાન-ભક્તિના પણ અનુકલ્પ રૂપે છે,- શરણાગતિ શ્રીકૃષ્ણની! સમજાય છે તે- ભાગવતજીની કથાઓમાંથી!

શ્રીમદ્-ભાગવતનું શ્રવણ, કીર્તન અને સ્મરણ દ્વારા પ્રીતિપૂર્વક સેવન કરવું જોઈએ. સંસારનો ભય લાગે તે ક્ષણથી આરંભીને – પ્રભુમાં પ્રીતિ થાય, પ્રભુ પ્રકટ થાય, પ્રકટ થયેલા પ્રભુમાં સાયુજ્ય (કે લીલાલાભ) મળે, ત્યારે – અભય સિદ્ધ થાય, ત્યાં સુધી શ્રીમદ્-ભાગવતનું સેવન કરવું જોઈએ. શ્રવણ-

કીર્તન-સ્મરણ પછી પ્રીતિ થતાં પ્રભુની અન્ય છ ભક્તિયો પણ સ્વતઃ સિદ્ધ થાય. પછી પ્રેમલક્ષણા મળે-ફળે !

શ્રીગોવર્ધનનાથજી રૂપ આ શ્રીમદ્-ભાગવતનું સેવન સૌને કૃતાર્થ કરે છે. સાદર વંદન તે ભગવત્સ્વરૂપને !- તે સમજાવતા શ્રીમદાચાર્યચરણોને !

卐



卐

“श्रीकृष्णं परमानन्दं
दशलीलायुतं सदा ।
सर्वभक्तसमुद्धारे
विस्फुरन्तं परं नुमः ॥”

卐